૧૦૨૮

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદા વિસ્તારમાં ઉધના ઝોનમાં હળપતિવાસ, વિકાસ કોલોની, રામનગર–પાંડેસરા, આંબેડકરનગર, લક્ષ્મીનગર, કતારગામ ઝોનમાં ઈન્દિરાનગર–વેડ રોડ, એચ–૧ આવાસ–કોસાડ, નહેરૂનગર ઝુપડપટ્ટી, પાલિયા શેરી, અઠવા ઝોનમાં રસુલાબાદ ઝુપડપટ્ટી–ભટાર, લીંબાયત ઝોનમાં રાવનગર, હળપતિવાસ–માનદરવાજા, સેન્ટ્રલ ઝોનમાં ખાંગડશેરી, સીધીશેરી–સલાબતપુરા જરીભવન ભરૂચાની વાડી  વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમાં ૩૭૯૦ કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૧૪૫૬૨ વસ્તી આવરી લઈ ૬૯ કલોરીન ટેસ્ટ ૧૩ પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૯૫૦૦ નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૯ મેગા મેડીકલ કેમ્પ તથા ૪૨ નાના કેમ્પો મળી કુલ ૫૧ કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૧૦૧૩૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

૧૦૨૯

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :

સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મે.કમિશનરશ્રીના આદેશાનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીઘેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કે.આઈ.ખત્રીની સુચના મુજબ તા.૨૯/૦૮/૧૬ ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગીય **ભરથાણાં યુનિટના વિસ્તારમાં આવેલ બાંધકામ ધ લોરેન્સ, માશીમો, સેફરોન બાંધકામમાં મચ્છરનું બ્રિડીંગ** મળી આવતા રૂા.૧૫,૧૦૦/– વહીવટી ખર્ચવસુલવામાં આવેલ, **ગવિયર યુનિટના વિસ્તારમાં આવેલ એવીટા બાંધકામમાં મચ્છરનું બ્રિડીંગ મળી આવતાં રૂા.૪,૦૦૦/–** તેમજ **વેસુ યુનિટ વિસ્તારમાં હેપ્પી એક્ષીલન્સીયા, જશ રેસી. બાંધકામમાં મચ્છરની ઉત્પતિ ધરાવતા ઈસમોને કુલ–રૂા.૧૪,૦૦૦/–** નો વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. તેમજ **અઠવા યુનિટ ૨૪–શકિત રેસી., નમન રેસી., નર્મદનગર, આદર્શસોસા–૭, નાં બાંધકામ માં મચ્છરની ઉત્પતિ સ્થાનો જોવા મળતાં રૂા.૫,૦૦૦/– વહીવટી ખર્ચ** પેટે વસૂલવામાં આવેલ તેમજ **અલ–ભટાર યુનિટ વિસ્તારમાં આવેલ સીવીલ વિસ્તાર તેમજ અંબાનગર સોસાયટી વિસ્તાર માંથી કુલ : ૧૦,૦૦૦/ – વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ તથા પનાસ વિસ્તારમાં એસ.એન.એસ.બાંધકામ, સુઝીકી શો રૂમ, સંગમ સોસા.,મયુરપાર્ક, તેમજ મહાત્માગાંધી સોસા. વિગેરે બાંધકામમાં મચ્છરની ઉત્પત્તિ જોવા મળતા કુલ– રૂા.૧૬,૫૦૦/–** વહીવટી વસુલાત લેવામાં આવેલ તેમજ અન્ય વિસ્તાર સાથે રૂા.૨૭,૦૦૦/– આમ તા.૨૯/૦૮/૨૦૧૬ ના રોજબાંધકામ ઝુંબેશ હેઠળ કુલ ૫૮ બાંધકામમાં સર્વે કરી મચ્છરજન્ય પરિસ્થિતી નિર્માણ કરતા ૨૬ ઈસમો પાસેથી કુલ–રૂા.૯૧,૬૦૦/–(અંકે રૂા. એકાણુ હજાર છસો) વહીવટી ખર્ચ વસૂલાત કરવામાં આવેલ. તથા બાંધકામ માં રહેતા કુલ ૨૯૯૫ મજુરો માંથી કુલ :– ૮૪ સ્લાઈડ કલેકશન કરવામાં આવેલ અને તે પૈકી ૨૮૬૦ જેટલા મજુરોને મચ્છર દાની બિલ્ડરો ધ્વારા પૂરા પાડવામાં આવેલ તેમજ તમામ બાંધકામોમાં ટોયલેટની સુવીધાઓ પૂરી પાડવામાં આવેલ અને કુલ ૪૬ બ્રિડીંગના નાાશ કરવામાં આવેલ. ઉપરોકત તમામ બાંધકામના ઓર્ગનાઈઝરોને આ અગાઉ મચ્છર જન્ય પરિસ્થિતીનું નિર્માણ ન થવા બદલ તમામને નોટીસ આપવામાં આવેલ હતી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી બાંધકામના તમામ મજુરોને મચ્છરદાની પુરી પાડવા અંગે ઓર્ગેનાઈઝોને આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

૧૦૩૦

## :: પ્રેસનોટ ::

## 'સ્વચ્છ ભારત મિશન' તથા 'નેશનલ સ્પોર્ટસ ડે' ઉજવણી

વર્ષ ૧૯૨૮, ૧૯૩૬ના ઓલિમ્પિક ખેલોમાં ભારતને હોકીનો ગોલ્ડ મેડલ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર તથા સ્પોર્ટ્સ મેન સ્પિરિટ અને દેશભકિતની જીવતી જાગતી મિસાલ સમા મેજર ધ્યાનચંદના માનમાં તેમની જન્મતિથિ ૨૯ ઓગષ્ટે ભારતભરમાં ઉજવામાં આવતા 'નેશનલ સ્પોર્ટસ્ ડે' ઉજવણી તથા "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬ના રોજ સવારે ૧૧ કલાકે ગાંધી સ્મૃતિ ભવનના ઓડિટોરિમમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત માનવંતા મહાનુભાવોએ દીપ પ્રગટાવી કરી હતી. મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ ઉપસ્થિત મહાનુભાવો સહિત તમામ રમતવીરોને આવકારી તેઓએ રમતક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ બદલ અભિનંદન આપ્યા હતા. રાજય સરકાર તરફથી રમતવીરો માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. સુરત મહાનગરપાલિકા પણ વિવિધ કાર્યક્રમો થકી રમતવીરોને પ્રોત્સાહન પૂરૂં પાડે છે. "સ્વચ્છ ભારત મિશન" અભિયાન સંદર્ભે તેમણે Swachh Suratના ટવીટર એકાઉન્ટ પર સફાઈની કામગીરી અંગેની વિગત ફોટા સહિત અપલોડ કરી સ્વચ્છતા અંગે જાગૃતિ આણવા અપીલ કરી હતી. માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં આપણા દેશના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉપાડવામાં આવેલ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ થીમ ઉપર સફાઈ ઝૂંબેશ જેવા વિવિધ કાર્યક્રમો થકી નાગરિકોમાં સ્વચ્છતા અંગેની વ્યાપક જાગૃતિને કારણે સફાઈની કામગીરીમાં સમગ્ર ભારતમાં સુરત શહેરે છઠો ક્રમ તથા વેર્સ્ટન રીજીયનમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ કરી આગામી જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં સુરત શહેરને સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ મેળવવા માટે અત્યારથી જ પ્રતિબધ્ધતા કેળવવા હાકલ કરી હતી. શહેરના રમતવીરો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકી ઉઠે તે માટે ૨૦૧૦ થી રાજય સરકાર દ્વારા યોજવામાં આવતા ખેલ મહાકુંભમાં સુરત મહાનગરપાલિકા દ્વારા વધુમાં વધુ જરૂરી માળખાકીય સુવિધાઓ પુરી પાડવા પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. સ્વચ્છતા અંગેના શપથ લેવડાવ્યા હતા. આ અંગેના શપથ " Mygov.in" પર અપલોડ કરવા અનુરોધ કર્યો હતો. ત્યાર બાદ સફાઈની શ્રેષ્ઠ કામગીરી કરનાર શહેરની સ્પોર્ટસ કલબ/સ્ટેડીયમના પ્રતિનિધિઓનું તેમજ શહેરના જાણીતા રમતવીરોનું મહાનુભાવોના હસ્તે મોમેન્ટો એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત દ્વારા સ્વામિ વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન યોજના હેઠળ પસંદગી પામેલ બિન નિવાસી ખેલાડીઅને સ્પેશ્યલ પૌષ્ટિક આહાર ભથ્થુ, આવવા–જવાના પ્રવાસખર્ચ તેમજ સ્ટાઈપેન્ડ મળી પ્રતિ માસ રૂા.૪,૬૫૦/– જેવી રકમ રાજય સરકાર દ્વારા ખેલાડીઓને આપવામાં આવે છે. આ યોજના હેઠળ ખેલાડીઓને રૂા.૬,૦૦૦/–ની કીટ તેમજ રૂા.૩,૦૦૦/– વાર્ષિક પ્રવાસ ખર્ચ તેમજ ખેલાડીઓને વીમા કવચ પુરા પાડવામાં આવે છે. આમ આ યોજના હેઠળ વાર્ષિક રૂા.૬૦,૦૦,૦૦૦/– જેવી રકમ ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત સ્વામી વિવેકાનંદ બિન નિવાસી પ્રતિભાશાળી સંવર્ધન યોજના હેઠળ સુરત શહેરનાં પસંદ થયેલ ૧૮૫ જેટલા (સી.ઓ.ઈ.) રમતવીરોનું પણ મહાનુભાવોના હસ્તે ચેક આપી બહુમાન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ તથા સરકારી અધિકારીશ્રીઓ, રમત ગમત સાથે જોડાયેલ સંસ્થાઓ/કલબોના પ્રતિનિધિઓ, રમત પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.





"સ્વચ્છ ભારત મિશન" અને "નેશનલ સ્પોર્ટસ ડે" ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૯ના રોજ ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ રમતવીરોના સન્માન સમારોહમાં રમતવીરોને મોમેન્ટો એનાયત કરી સન્માનિત કરતા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., અન્ય મહાનુભાવો તથા "સ્વચ્છતા શપથ" લેતાં નગરજનો દશ્યમાન છે.

૧૦૩૧

# <u>પ્રેસનોટ</u>

## 'સ્વચ્છ ભારત મિશન' તથા 'નેશનલ સ્પોર્ટસ ડે' ઉજવણી

૨૯ ઓગષ્ટે હોકીના ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મતિથિ છે. જેમણે વર્ષ ૧૯૨૮, ૧૯૩૬ના ઓલિમ્પિક ખેલોમાં ભારતને હોકીનો ગોલ્ડ મેડલ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્પોર્ટ્સ મેન સ્પિરિટ અને દેશભકિતની જીવતી જાગતી મિસાલ સમા મેજર ધ્યાનચંદના માનમાં તેમની જન્મતિથિ ૨૯ ઓગષ્ટે ભારતમાં 'નેશનલ સ્પોર્ટસ્ ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણી સંદર્ભે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દરેક જિલ્લામાં ૨૯મી ઓગષ્ટ દિને રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવણી કરવાનું નકકી કરવામાં આવતાં સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬ના રોજ સવારે ૭.૦૦ કલાકે ''નેશનલ સ્પોર્ટસ્ ડે'' અને ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત ''સ્વચ્છતા દોડ'' નું આયોજન કેનાલ વોક શોપર્સ થી રત્ન જયોતિ એપાર્ટમેન્ટ, સુકુમ પ્લેટીનમ થઈ, પરત કેનાલ વોક શોપર્સ, વીઆઈપી રોડ, વેસુ, સુરત સુધી કરવામાં આવ્યું હતું. સવારે ૭.૦૦ કલાકે વીઆઈપી રોડ, વેસુ કેનાલ વૉક શોપર્સના સ્ટાર્ટીંગ પોંઈન્ટ ઉપર માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયાએ સૌ પ્રથમ ''સ્વચ્છ ભારત મિશન'' અભિયાન સ્વચ્છતા અંગેના શપથ લેવડાવ્યા બાદ ગુજરાત હાઉસીંગ બોર્ડના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓએ ફલેગ ઓફ કરાવી ''સ્વચ્છતા દોડ''નું પ્રસ્થાન કરાવ્યું હતું. સ્વચ્છતા અંગે લોક જાગૃતિના અભિયાન રૂપે યોજાયેલ આ દોડમાં રમત ગમત સાથે જોડાયેલ સંસ્થાઓ/કલબોના પ્રતિનિધિઓ સહિત રમતવીરો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા. સુરત મહાનગરપાલિકા દ્વારા ભાગ લેનાર દોડવીરોની સલામતી માટે મેડીકલ ટીમ, ફાયર ફાયટરની ટીમ, સીકયુરીટીની વ્યવસ્થા, તેમજ રૂટના રસ્તાઓ પરના ફયુઅલ પોંઈન્ટ પર લીંબુ પાણી અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.






"સ્વચ્છ ભારત મિશન" અને "નેશનલ સ્પોર્ટ્સ ડે" ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬ના રોજ વેસુ કેનાલ સોપર્સી યોજાયેલ "સ્વચ્છતા દોડ"ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવતા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ગુજરાત હાઉસીંગ બોર્ડના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, અન્ય મહાનુભાવો તથા "સ્વચ્છતા દોડ"માં ભાગ લઈ રહેલા નગરજનો દ્રશ્યમાન છે.

૧૦૩૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## <u>પ્રેસનોટ</u>

આજ તા.૨૯/૮/૧૬ના રોજ મા.મેયરશ્રીની અધ્યક્ષતામાં જૈનોના ધાર્મિક પર્યુષણ પર્વ નિમિત્તે એક મીટીગ રાખવામાં આવેલ હતી. આ મીટીગમાં ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ), આરોગ્ય અધિકારીશ્રી, એડી.માર્કેટ સુપ્રિ.શ્રી તથા તમામ નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. માજી ચેરમેનશ્રી નિરવભાઈ શાહ પણ ઉપસ્થિત રહયા હતા.

મીટીગમાં આ પવિત્ર પર્વના દિવસોની ગરીમા જળવાઈ રહે તે માટે ઝોનમાં દબાણ વિભાગ સહિતની સ્કવોર્ડ બનાવી આવી માસ–મટનની સંસ્થા/દુકાનો અને કતલખાના, મટન માર્કેટો બંધ હોવાનું દિવસ દરમ્યાન સમર્થન કરવું અને જો સંસ્થા/દુકાનો ચાલુ જણાય તો દુકાન/સંસ્થાનો સામાન ઉપડાવી લેવડાવવો. જરૂર જણાયે સંસ્થાનું લાયસન્સ રદ કરવું કે સીલ મારવા, વહીવટી ખર્ચ વસુલ લેવા કે પોલીસ કેસ કરવા સુધીની કાર્યવાહી કરવી અને આ કામગીરી માટે સીકયુ.સ્ટાફની પણ મદદ લેવી. આમ પર્યુષણ પર્વ દરમ્યાન માસ–મટનનું વેચાણ સંપૂર્ણ બંધ કરાવવા જણાવવામાં આવ્યું.

એડી.માર્કેટ સુપ્રિ.શ્રીને તેમના વિભાગના સ્ટાફની સ્કવોર્ડ બનાવી લાગત ઝોનમાં રાઉન્ડ ધ કલોક અમલવારી કરાવવા સૂચના આપવામાં આવી.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 1032

તા.૨૯/૦૮/૨૦૧૬

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૦૩૩

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## **<u>પ્રેસનોટ</u>**

મા.કમિશ્નરશ્રીના આદેશાનુસાર મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં હેલ્થ અને એન્જીનીયરીંગના સ્ટાફ સહિત સંયુકત ગૃપ સફાઈ ઝુંબશ હાથ ધરવાનું નકકી કરવામાં આવેલ છે. જે કાર્યક્રમ દરમ્યાન જણાવેલ વિસ્તાર/રૂટ ની ધનિષ્ઠ સફાઈ હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશમાં જેતે ઝોનના આરોગ્ય વિભાગ, વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ વિભાગ, એન્જીનીયરીંગ વિભાગ, દબાણ વિભાગ,ડ્રેનેજ વિભાગ, હાઈડ્રોલિક વિભાગના કર્મચારીઓ ભાગ લેશે. જેમાં જાહેર જનતાને જોડાવા અપીલ કરવામાં આવે છે. જે અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| તારીખ | ઝોન | વિસ્તાર |
|---|---|---|
| ૩૦–૮–૨૦૧૬ | વરાછા | –ઉમીયા સર્કલ, સાગર ઈન્ડસ્ટ્રીઝ,ફાટક રોડ, પે એન્ડ યુઝ સુધી |
| ૩૧–૮–૨૦૧૬ | કતારગામ | –દાવલશા મેઈન રોડ થી લક્ષ્મણનગરથી નવનાથખાડા –એસટીપી –આનંદપાર્ક |
| ૧–૯–૨૦૧૬ | અઠવા | – ભટાર ચાર રસ્તા થી સોહમ સર્કલ<br>– સોહમ સર્કલ થી બ્રેડલાઈનર સર્કલ સુધી. |
| ૨–૯–૨૦૧૬ | લિંબાયત | – ડુંભાલ ફાયર સ્ટેશન–ખાડીપુલ–સંભાજી ચોક. |
| ૩–૯–૨૦૧૬ | સેન્ટ્રલ ઝોન | – કાદરશાની નાળ |
| ૬–૯–૨૦૧૬ | રાંદેર | – બદ્રીનાથ મંદિરની આજુબાજુનો વિસ્તાર |
| ૭–૯–૨૦૧૬ | પૂણા–સીમાડા | – નાલંદા સ્કુલ થી કારગલ ચોક થઈ કલ્યાણનગર. |
| ૮–૯–૨૦૧૬ | ઉધના | – ઉન હેલ્થ સેન્ટરની આજુબાજુનો વિસ્તાર. |
| ૯–૯–૨૦૧૬ | વરાછા | – સરસ્વતી સર્કલ થી હીરાબાગ. |
| ૧૦–૯–૨૦૧૬ | કતારગામ | – પીપલ્સ બેંક–કતારગામ મેઈનરોડ–જુની ઝોન ઓફિસ –ઢોર ડબ્બા–બી.ડી.ટેનામેન્ટ,રેલ રાહત કોલોની. |
| ૧૩–૯–૨૦૧૬ | અઠવા | –સોમેશ્વર એન્કલેવ થી લોટસ સ્કુલ થી વીઆઈપીરોડ.<br>– હેગડેવાર વસાહત. |
| ૧૪–૯–૨૦૧૬ | લિંબાયત | – મહારાણા પ્રતાપ ચાર રસ્તા, ધ્રુવપાર્ક સોસાયટી, દેવધ ગામ બોર્ડર. |

૧૦૩૪

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૯.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૯ **લોકેશન (ખાડા) ૬૨૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૨.૭૧** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન(ખાડા) **૨૩૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૦૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૯ (ઉન), ફા.પ્લોટ–૨૪૫/એ, સિદ્દીકનગર ખાતે ૧૫૦૦ ચો.ફુટમાં પ્લીન્થનું ડીમોલીશન કરવામાં આવેલ તથા રેતી ઉચકવામાં આવેલ ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૮૪ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૩૮** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૭.૧૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૮૭** લાખ થયેલ છે., ૦૮ EC તથા ૦૯ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૨૮૭**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૩૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.**, **૨૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૧૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૫૨૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૩૩૧૯૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૪૭** કરવામાં આવેલ છે. જયારે ૩૦ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૧,૨૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૦૩૫

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૨૯/૦૮/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૯ (ઉન), ફા.પ્લોટ–૨૪૫/એ, સિદ્દીકનગર ખાતે ૧૫૦૦ ચો.ફુટમાં પ્લીન્થનું ડીમોલીશન કરવામાં આવેલ તથા રેતી ઉચકવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી.૫૬ (બમરોલી) માં આવેલ પત્રકાર સર્કલથી ગોવાલક સુધીના રોડ પર દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૨ લારી–ગલ્લાનું દબાણ, ૦૪ લોખંડના સ્ટેન્ડ, ૦૬ રસ્તા પર મુકેલા એડર્વટાઈઝમેન્ટના બોર્ડ તથા અન્ય પરચુરણ સામાગ્રીનું દબાણ દુર કરવામાં આવેલ. વધુમાં વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૧૦૦/– વસુલ લેવામાં આવેલ.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૦૩૬

# :: પ્રેસનોટ ::

## ખેલ મહાકુંભ–૨૦૧૬

સુરત મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત જીલ્લા વહીવટીતંત્ર સુરતના સંયુકત ઉપક્રમે ગતિશીલ ગુજરાતમાં, ખેલનું વાતાવરણ સર્જતો ખેલ પ્રતિભા શોધનો મહા રમતોત્સવ ''ખેલમહાકુંભ–૨૦૧૬''નું આયોજન ચાલુ વર્ષે તા.૩૦/૦૯/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે. ''ખેલમહાકુંભ–૨૦૧૬''માં શાળા / ઝોન કક્ષા / મહાનગરપાલિકા કક્ષા અને છેલ્લે રાજય કક્ષાની સ્પર્ધા માટેનું આયોજન થનાર છે. તા.૩૦/૦૮/૨૦૧૬ના રોજ ખેલમહાકુંભના આયોજન સંદર્ભે મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ.,ની અધ્યક્ષ સ્થાને સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે ખેલ મહાકુંભના ઝોન કન્વીનરો અને સહ કન્વીનરો સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ખેલાડીઓના રજીસ્ટ્રેશન અંગેની જાણ લઈ રજીસ્ટ્રેશન વધુમાં વધુ થાય તે મુજબના પ્રયત્નો કરવા, રજીસ્ટ્રેશન બાદ વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તેવા પ્રયત્નો કરવા સૂચન કરવામાં આવ્યું હતું. શહેરની વિવિધ શાળાઓ, કોલેજ તથા વધુમાં વધુ શહેરીજનો ખુલ્લા વિભાગમાં ભાગ લે તેવા પ્રયત્નો કરવા સૂચન મે.કમિશનરશ્રીએ રાજય સરકારની નવી ખેલકૂદ નીતિની જાણ ખેલમહાકુંભના માધ્યમથી વધુમાં વધુ ખેલાડીઓ સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવા જણાવ્યું હતું. ઓન લાઈન રજીસ્ટ્રેશનમાં થતી ટેકનીકલ મુશ્કેલીઓ તાકીદે નિવારવા મદદરૂપ થવા, વધુમાં વધુ રજીસ્ટ્રેશન થાય તેવા પ્રયત્નો કરવા તથા ગુજરાત રાજયમાં મેડલ ટેલિમાં સુરત પ્રથમ નંબરે રહે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. ''ખેલમહાકુંભ''ની મીટીંગમાં આસી.મ્યુનિ.કમિશનરશ્રી કમલેશ નાયક, મેનેજરશ્રી એસ.આર.ખાન, જીલ્લા રમત ગમત અધિકારીશ્રી દિનેશ કદમ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનિયર કોચશ્રી ભાલાવાળા, વ્યાયામ સંઘોના પ્રતિનિધિશ્રીઓ, શાળાના આચાર્યો, વ્યાયામ શિક્ષકો હાજર રહ્યા હતા. આ ખેલમહાકુંભ–૨૦૧૬માં સમાવિષ્ટ વિવિધ રમતોમાં ભાગ લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી **તા.૧૫/૦૯/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન www.khelmahakumbh.org પર કરાવવાનું રહેશે. khelmahakumbh-2016 એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપ્લીકેશનથી પણ ઓન લાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે.** શહેરની શાળાઓ, કોલેજો વિગેરેના વિદ્યાર્થીઓ તથા ઓપન કેટેગરીમાં નગરજનોએ મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવી રમતોમાં ભાગ લેવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

૧૦૩૭

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તારકતારગામમાંજનતાનગર, યોગીનગર, વરાછામાં ઈશ્વરનગર–પુણા, અઠવામાં હળપતિવાસ, નવી વસાહત–અલથાણ, આઝાદનગર, તડકેશ્વરનગર–ભટાર, ઉધનામાં મોરારજી વસાહત,મસ્તાનનગર, પ્રેમનગર ઝુપુડપટ્ટી, ભેદવાડ, લીબાયતમાં પતરાની ચાલ, હળપતિવાસ–પરવત પાટીયા, વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૨૮૦૩કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૧૦૫૮૮વસ્તી આવરી લઈ૫૧કલોરીન ટેસ્ટ ૦૭પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૨૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ્ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૯ મેગા મેડીકલ કેમ્પ તથા ૪૩ નાના કેમ્પો મળી કુલ ૫૨કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૧૦૨૧૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૦૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૫૨૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૨૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૩૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૪૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૧૯૩ કરદાતાઓ પાસેથી રૂા.૩૦,૬૩,૬૨૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૦૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૨૨ એન્ટ્રીમાં રૂા.૩,૪૧,૦૧૮/– અને આર.સી.ની ૭૮ એન્ટ્રીમાં રૂા.૩,૫૯,૪૩૦/– મળી કુલ રૂા.૭,૦૦,૪૪૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૩૮૦/– રીન્યુઅલની ૧૬ એન્ટ્રીમાં રૂા.૯૭૦/– અને દંડની રકમની ૧૪ એન્ટ્રીમાં રૂા.૩૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા ધ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવ્યા.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૦૩૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "O" રોડ : ડભોલી મેઈન રોડ બી.આર.ટી.એસ. રોડ થી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૯ તથા અન્ય–૦૯ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : નારાયણનગર શાક માર્કેટ થી પાથરણાવાળાનું તથા નારાયણનગર સાડી માર્કેટ થી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૩ તથા બંધ લારી–૦૧ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1038
તા.૩૦/૦૮/૨૦૧૬

૧૦૩૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>(૧) દબાણ દૂર કર્યાની વિગત :–</u>

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને ડે.મ્યુ.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ આજે તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર કાદરશાની નાળ થી એકતા સર્કલ, કાદરશાની નાળ વાહન ડેપો થી એલ.આઈ.સી. કવાટર્સ, કાદરશાની નાળ સર્કલના આસપાસના વિસ્તારમાં જાહેર રસ્તા ઉપર દુકાનદારો તેમજ લારી ગલ્લાવાળા તથા ફેરિયાઓ દ્વારા લાગુ રસ્તા તથા દુકાનોની બહાર માલ સામાન/ભંગાર મૂકી દબાણ કરવામાં આવે છે, જેના કારણે ટ્રાફીકની ઘણી સમસ્યા ઉભી થાય છે, જે અન્વયે સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર–૦૨, ડે.ઈજનેર–૦૩, જુની./આસી.ઈજનેર–૧૦, સુપરવાઈઝર–૦૬, ટેક.આસી.–૦૪, બેલદાર/દબાણ વિભાગનો સ્ટાફ–૯૨, અઠવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સ્ટાફ–૪૩(જાહેર સુલેહ–શાંતીનો ભંગ ન થાય તે હેતુસર), ટ્રાફીક પોલીસનો સ્ટાફ–૦૫ વ્હિકલ ક્રેન–૦૧ સહીત તથા સુરત મહાનગરપાલીકાની ટ્રક/મઝદા–૧૧, જે.સી.બી.–૦૨ મળી **કુલ–૧૬૩ સ્ટાફના** સહયોગથી દબાણ ઝુંબેશ હાથ ધરી ઉપરોકત વિસ્તાર ખાતે લાગુ રસ્તા ઉપર દબાણકર્તાઓ ઘ્વારા માલ–સામાન/ભંગાર મુકી કરવામાં આવેલ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન દબાણકર્તાઓ ઘ્વારા સ્થળ પર વિરોધ કરતાં પોલીસ સ્ટાફના સાથ સહકારથી સદરહુ જગ્યાએ દબાણ દૂર કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહું કામગીરી દરમ્યાન લાગુ રસ્તા પર મૂકવામાં આવેલ ભંગાર કાર/ગાડીઓ–૧૦ સ્થળ પરથી ખસેડાવામાં આવેલ છે તથા ભંગાર કાર/ગાડીઓ–૦૧ ટ્રાફીક પોલીસના સ્ટાફ તથા વ્હિકલ ક્રેનની મદદથી ખસેડી અત્રે જમા લેવામાં આવેલ છે.

વધુમાં, કાદરશાની નાળથી સોરઠીયા પંચની વાડી તથા સ્નેહમિલન ગાર્ડન થઈ જીવનભારતી સ્કૂલ સુધીના જાહેર રસ્તા તથા ફૂટપાથ ઉપર ફેરિયાઓ દ્વારા લારીઓ ઉભી કરી દબાણ કરવામાં આવતા હોવાથી સદરહુ જગ્યાએથી પણ લારીઓનું દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી લારીઓ અત્રે જમાં લેવામાં આવેલ છે. સદરહું, કામગીરી દરમ્યાન નીચે મુજબનો સામાન જમાં લેવામાં આવેલ છે.

(૧) લાકડાંના ટેબલ–૦૨

(૨) લોખંડના ટેબલ–૦૨

(૩) ખુલ્લી લારી– ૨૭

(૪) બંધ લારી– ૦૬

(૫) પ્લાસ્ટીકના ટેબલ– ૧૩

(૬) કાઉન્ટર– ૧૮

(૭) લાકડાંના બાંકડા– ૦૨

(૮) લાકડાની દાદર– ૦૫

(૯) રસનું કોલુ–૦૧

(૧૦) ભંગાર ગાડી–૦૧

(૧૧) લાકડા પાટીયાનો ભંગાર–૦૬ ટ્રક

**(૨) વોર્ડ નં. ૩, નોંધ નં.૩૮૧૩ કોટસફીલ રોડ, નવાપુરા, કાટાંનીવાડ, સુરત ખાતે આવેલ બિસ્માર મિલ્કત ઉતારી પાડવાની વિગત :–**

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૩, નોંધ નં.૩૮૧૩ કોટસફીલ રોડ, નવાપુરા, કાટાંની વાડ, સુરત ખાતે આવેલ ભોંયતળીયા તથા ત્રણ માળની લાકડાંના પેઢીયા તથા પાટીયાવાળી વર્ષો જુની રહેણાંકવાળી મિલ્કતના પહેલા માળનો અમલો તા.૩૦/૦૮/૧૬ ના રોજ સાજે ૭:૩૦ કલાકે તૂટી પડતાં, સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને ડે.મ્યુ.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ, ફાયર બ્રિગેડ તથા સેન્ટ્રલ ઝોનના સ્ટાફ મારફતે સ્થળ ઉપર જઈ ત્વરીત કાર્યવાહી કરી મિલ્કતદારોને કાયદેસરની નોટીસ બજાવી મિલ્કત ખાલી કરાવી ભયજનક ભાગ ઉતારવાનું શરૂ કરાવેલ તેમજ આસ–પાસના વિસ્તારને કોર્ડન કરી જાહેર જનતા તથા જાન–માલને નુકશાન ન થાય તેની તકેદારી લેવડાવવામાં આવેલ. તેમજ મિલ્કતદારો ધ્વારા તેઓની બિસ્માર મિલ્કત સ્વૈચ્છિક તેઓના ખર્ચે અને જોખમે ઉતારવાની બાંહેધરી આપતા આજે તા.૩૧/૦૮/૧૬ ના રોજ બિસ્માર મિલ્કત ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

૧૦૪૦

# <u>પ્રેસનોટ</u>
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રી, તથા ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.)ના માર્ગદર્શન હેઠળ વરાછાઝોનનાં ઉમીયા સર્કલ સાગર ઈન્ડ.થી ફાટક રોડ પે એન્ડ યુઝ સુધી , ભવાની સર્કલથી નવી ફુલ માર્કેટ પુ એન્ડ યુઝ તરફ બંન્ને તરફ રોડ
ની આજુ બાજુના વિસ્તારમાં "ઈન્ટીગ્રેટેડ હેલ્થ– એન્જીનીયરીંગ " ગૃપ સફાઈ તા.૩૦ ઓગષ્ટ ૨૦૧૬ ના રોજ રાખવામાં આવેલ. જે સફાઈ અભિયાનમાં વરાછા ઝોનના આરોગ્ય, ઈજનેરી વી.બી.ડી.સી, ગુમાસ્તા,ગાર્ડન વિગેરે તમામ વિભાગો જોડાયેલ . તેમા કુલ ૯૫ સફાઈ કામદારો/ બેલદારો મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૨૨ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ઉપરાંત પાણી વિભાગ દ્વારા ૩૫ ગંદા પાણીના નમુના લેવામાં આવેલ છે.પાણીના ૦૧ લીકેજ મળી આવેલ જે લીકેજ દુર કરવામાં આવેલ છે. તથા ડ્રેનેજ વિભાગ દ્વારા ૦૩ ડ્રેનેજ ઓવરફલોની ફરીયાદનો સ્પોટ પર નિકાલ કરવામાં આવેલ છે. ઉપરોકત જણાવેલ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કરાવી ૩૦૦ કિ.ગ્રા. જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે.તેમજ ગુમાસ્તા વિભાગ દ્વારા ૧૩૨ સંસ્થાઓ ચેક કરી કુલ રૂા.૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એસી હજાર પૂરા) પ્રોફેશનલ ટેક્ષ પેટે વસુલ કરવામાં આવેલ છે.

આરોગ્ય ખાતાના વી.બી.ડી.સી. વિભાગના દ્વારા કુલ ૫૭૪૨ ઘરોનું સર્વે કરી ૨૬૪૧૩ સ્પોટનું ચેકીંગ કરી ૨૭ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.

સમગ્ર અભિયાન દરમિયાન કુલ ૩૧ ઈસમોને નોટીસ આપવાની તથા **રૂા.૨૨,૭૦૦/**–(અંકે રૂપિયા ત્રીસ હજાર સાતસો પૂરા) વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

૧૦૪૧

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૩૦/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ડ્રા.ટી.પી.૫૫ (ભેસ્તાન), ફા.પ્લોટ–૧૦, સાંઈનાથ સોસા. માં આશરે ૬ થી ૭ ગાળામાં આશરે ૧૪૦૦ ચો.ફુટ દિવાલોનું ચણતરકામ તેમજ ૧૦૦ ચો.ફુટ પ્લીન્થનુ બાંધકામ તેમજ ૫– નંગ ફુટીંગનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ નં.૮૯ માં સોનલ ઈન્ડ.ના પ્લોટ નં.૨૩/એ,૨૩,૨૪,૨૫ માં ૩૦૦ ચો.ફુટ આર.સી.સી. તથા ચણતરકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૪૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૦૧ (ઉધના–મજુરા), ફા.પ્લોટ નં.૨૭ માં ભગવતીનગર સોસાયટીના પ્લોટ નં.૧૦૫ માં ૨૫૦ ચો.ફુટ ચણતરકામ સહિતનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૦૪૨

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૩૦.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૪** ફાઈલના **રૂા.૧.૪૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૭ લોકેશન (ખાડા) ૪૩૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૯.૬૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૩૬૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૨૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ડ્રા.ટી.પી.૫૫ (ભેસ્તાન), ફા.પ્લોટ–૧૦, સાંઈનાથ સોસા. માં આશરે ૬ થી ૭ ગાળામાં આશરે ૧૪૦૦ ચો.ફુટ દિવાલોનું ચણતરકામ તેમજ ૧૦૦ ચો.ફુટ પ્લીન્થનુ બાંધકામ તેમજ ૫– નંગ ફુટીગનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ નં.૮૯ માં સોનલ ઈન્ડ.ના પ્લોટ નં.૨૩/એ,૨૩,૨૪,૨૫ માં ૩૦૦ ચો.ફુટ આર.સી.સી. તથા ચણતરકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૪૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૦૧ (ઉધના–મજુરા), ફા.પ્લોટ નં.૨૭ માં ભગવતીનગર સોસાયટીના પ્લોટ નં.૧૦૫ માં ૨૫૦ ચો.ફુટ ચણતરકામ સહિતનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૫૩,૪૦૩/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૧૫** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૮૮.૧૪** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૩.૨૬** લાખ થયેલ છે., **૨૩ EC** તથા **૧૨ RC** નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૨૨૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** **૨૩** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૩૨.૯૮૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૪** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૦૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૯૯૬૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૧૮૪૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૭૮** કરવામાં આવેલ છે. જયારે **૨૬** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૨,૧૫૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ, ગાંધીનગર તેમજ સુરત મહાનગરપાલિકા નાં ઉપક્રમે શાળા સલામતી સપ્તાહ ની ઉજવણી નો શુભાંરભ  આજ રોજ દીપ પ્રાગટય થી શુભ આરંભ કરવામાં આવ્યો હતો તા.૩૦/૦૮/૨૦૧૬ના રોજ ફાયર મોક ડ્રીલ અને ડેમોસ્ટ્રેશન તેમજ આઈઆરએસ દ્વારા ભુંકપ વિશેની માહિતી આપવામાં આવી તેમજ એનડીઆરએફ દ્વારા આપત્તિ સમયે બચાવ કામગીરી માટે ઉપયોગમાં આવતા સાધન સામ્રગીની માહિતી આપવામાં આવેલ છે. બાળકો ને આપત્તિ સમયે સ્વ બચાવ તેમજ વિવિધ આફતોનો સામનો કેવી રીતે કરવો તે બાબત થી માહિતગાર કરાવવાના શુભ આશય થી ઉપરોકત પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા ના શ્રી રાજેશભાઈ દેસાઈ – અધ્યક્ષ શ્રી સ્થાયી સમિતિ, શ્રી ગિરજાશંકર મિશ્રા – નેતાશ્રી શાસક પક્ષ, શ્રી પિયુષભાઈ જરીવાલા – અધ્યક્ષશ્રી લાઈટ એન્ડ ફાયર સમિતિ, શ્રીમતી રૂપલબેન શાહ – અધ્યક્ષશ્રી સાંસ્કૃતિક સમિતિ, શ્રી પ્રવિણભાઈ ઘોઘારી – અધ્યક્ષશ્રી પાણી સમિતિ, શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા – અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ, શ્રી મિલિન્દ તોરવણે – મ્યુ.કમિશનરશ્રી, શ્રી પી.એન.મકવાણા – એડીશનલ કલેકટરશ્રી તથા મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ,વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૦૪૩
તા.૩૦/૦૮/૨૦૧૬


સુરત મહાનગરપાલીકા
ગુજરાત
શાળા સલામતી
સપ્તાહ
૨૦૧૬
(તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૧૬)
ગુજરાત રાજ્ય
આપત્તિ વ્યવસ્થાપન
સત્તામંડળ ગાંધીનગર,
ગુજરાત.

૧૦૪૪

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૯(નવ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૧ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો  દસમાંમેડીકલ કેમ્પતા.૦૩/૦૯/૨૦૧૬ને શનિવારનાં રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર,બોરડા ફાર્મ રોડ,પોલીસ સ્ટેશન ચોકી પાસે,પુણા,સુરતખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

૧૦૪૫

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૨૨/૦૮/૨૦૧૬ થી તા.૨૮/૦૮/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૦,૩૦૦/–, વેસ્ટઝોન – રૂા.૧૯,૬૮૦/–, સાઉથઝોન – રૂા.૬,૭૦૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧૨,૩૦૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૫,૬૮૦/–, નોર્થઝોન – રૂા.૪,૬૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૪,૯૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૭૪,૨૬૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

૧૦૪૬

# પ્રેસનોટ

## વોટર મીટર સ્પોટ બિલીંગ બાબત

સુરત મહાનગરપાલિકા સંચાલિત પાણી પુરવઠા વ્યવસ્થામાં હાલમાં ન્યુ નોર્થ ઝોન વિસ્તારમાં ૨૪ x ૭ આધારિત પાણી પુરવઠા વ્યવસ્થાને કાર્યરત કરવામાં આવેલ છે જ્યાં તમામ ઉપભોગતાઓ દ્વારા મેળવવામાં આવેલ નળજોડાણ ઉપર વોટર મીટર બેસાડવામાં આવેલ છે તથા વોટર મીટર રીડીંગને આધારે થતા પાણીના વપરાશ અંતર્ગત દ્વિમાસિક રીતે બીલ ઈશ્યુ કરવાની પ્રથા હાલમાં કાર્યરત છે. સદર પ્રથાને વધુ લોકભોગ્ય તથા સરળ બનાવવાના હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા "વોટર મીટર સ્પોટ બિલીંગ" ની પ્રથા ન્યુ નોર્થ ઝોન વિસ્તારથી દાખલ કરવામાં આવેલ છે જેના દ્વારા ઉપભોગતાઓને નીચે મુજબના ફાયદાઓ થઇ રહેશે.

1. વોટર મીટર સ્પોટ બિલીંગ અંતર્ગત રીડીંગ અને બિલીંગ વખતે જે તે વોટર મીટરનો ફોટો તથા ઘરનો ફોટો લેવામાં આવશે જેથી વોટર મીટર રીડીંગ પ્રત્યે તથા ખરેખર થયેલ પાણીના વપરાશ અંગેના વિશ્વાસમાં વધારો થશે.
2. ગ્રાહકો દ્વારા થતી ફરિયાદો જેવી કે બીલ સમયસર મળતું નથી, વોટર મીટર રીડીંગ નથી થયું / ખોટું થયું છે, મીટર રીડર ઘરે આવેલ નથી, વધુ બીલ આવેલ છે / ઓછુ બીલ આવેલ છે વિગેરે વિગેરે જેવી તમામ પ્રકારની ફરિયાદોનો સચોટ નિકાલ થશે.
3. ઉપભોગતાઓને તુરંત જ ઘરે બીલ મળી રહશે તથા ઘરના વ્યક્તિના નોંધાયેલ મોબાઈલ નંબર ઉપર એસ.અમ.એસ. દ્વાર તુરત જ મેસેજ મળશે જેને કારણે બીલની અવેજીમાં પણ ઉપભોગતાઓ દ્વારા બીલ મોબાઈલ દ્વારા ચુકવણું કરવાની સરળતા થઇ રહેશે.

ન્યુ નોર્થ ઝોન વિસ્તારમાં મળેલ સફળતાને આધારે શહેરના અન્ય વિસ્તારોમાં પણ વોટર મીટર સ્પોટ બિલીંગ ની પ્રથા દાખલ કરવામાં આવનાર છે.

૧૦૪૭

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>(૧) દબાણ દૂર કર્યાની વિગત :–</u>

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને ડે.મ્યુ.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ આજે તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર કાદરશાની નાળ થી એકતા સર્કલ, કાદરશાની નાળ વાહન ડેપો થી એલ.આઈ.સી. કવાટર્સ, કાદરશાની નાળ સર્કલના આસપાસના વિસ્તારમાં જાહેર રસ્તા ઉપર દુકાનદારો તેમજ લારી ગલ્લાવાળા તથા ફેરિયાઓ દ્વારા લાગુ રસ્તા તથા દુકાનોની બહાર માલ સામાન/ભંગાર મૂકી દબાણ કરવામાં આવે છે, જેના કારણે ટ્રાફીકની ઘણી સમસ્યા ઉભી થાય છે, જે અન્વયે સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર–૦૨, ડે.ઈજનેર–૦૩, જુની./આસી.ઈજનેર–૧૦, સુપરવાઈઝર–૦૬, ટેક.આસી.–૦૪, બેલદાર/દબાણ વિભાગનો સ્ટાફ–૯૨, અઠવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સ્ટાફ–૪૩(જાહેર સુલેહ–શાંતીનો ભંગ ન થાય તે હેતુસર), ટ્રાફીક પોલીસનો સ્ટાફ–૦૫ વ્હિકલ ક્રેન–૦૧ સહીત તથા સુરત મહાનગરપાલીકાની ટ્રક/મઝદા–૧૧, જે.સી.બી.–૦૨ મળી **કુલ–૧૬૩ સ્ટાફના** સહયોગથી દબાણ ઝુંબેશ હાથ ધરી ઉપરોકત વિસ્તાર ખાતે લાગુ રસ્તા ઉપર દબાણકર્તાઓ ધ્વારા માલ–સામાન/ભંગાર મુકી કરવામાં આવેલ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન દબાણકર્તાઓ ધ્વારા સ્થળ પર વિરોધ કરતાં પોલીસ સ્ટાફના સાથ સહકારથી સદરહુ જગ્યાએ દબાણ દૂર કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહું કામગીરી દરમ્યાન લાગુ રસ્તા પર મૂકવામાં આવેલ ભંગાર કાર/ગાડીઓ–૧૦ સ્થળ પરથી ખસેડાવામાં આવેલ છે તથા ભંગાર કાર/ગાડીઓ–૦૧ ટ્રાફીક પોલીસના સ્ટાફ તથા વ્હિકલ ક્રેનની મદદથી ખસેડી અત્રે જમા લેવામાં આવેલ છે.

વધુમાં, કાદરશાની નાળથી સોરઠીયા પંચની વાડી તથા સ્નેહમિલન ગાર્ડન થઈ જીવનભારતી સ્કૂલ સુધીના જાહેર રસ્તા તથા ફૂટપાથ ઉપર ફેરિયાઓ દ્વારા લારીઓ ઉભી કરી દબાણ કરવામાં આવતા હોવાથી સદરહુ જગ્યાએથી પણ લારીઓનું દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી લારીઓ અત્રે જમાં લેવામાં આવેલ છે. સદરહું, કામગીરી દરમ્યાન નીચે મુજબનો સામાન જમાં લેવામાં આવેલ છે.

(૧) લાકડાંના ટેબલ–૦૨

(૨) લોખંડના ટેબલ–૦૨

(૩) ખુલ્લી લારી– ૨૭

(૪) બંધ લારી– ૦૬

(૫) પ્લાસ્ટીકના ટેબલ– ૧૩

(૬) કાઉન્ટર– ૧૮

(૭) લાકડાંના બાંકડા– ૦૨

(૮) લાકડાની દાદર– ૦૫

(૯) રસનું કોલુ–૦૧

(૧૦) ભંગાર ગાડી–૦૧

(૧૧) લાકડા પાટીયાનો ભંગાર–૦૬ ટ્રક

## (૨) વોર્ડ નં. ૩, નોંધ નં.૩૮૧૩ કોટસફીલ રોડ, નવાપુરા, કાટાંનીવાડ, સુરત ખાતે આવેલ બિસ્માર મિલ્કત ઉતારી પાડવાની વિગત :–

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૩, નોંધ નં.૩૮૧૩ કોટસફીલ રોડ, નવાપુરા, કાટાંની વાડ, સુરત ખાતે આવેલ ભોંયતળીયા તથા ત્રણ માળની લાકડાંના પેઢીયા તથા પાટીયાવાળી વર્ષો જુની રહેણાંકવાળી મિલ્કતના પહેલા માળનો અમલો તા.૩૦/૦૮/૧૬ ના રોજ સાંજે ૭:૩૦ કલાકે તૂટી પડતાં, સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને ડે.મ્યુ.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ, ફાયર બ્રિગેડ તથા સેન્ટ્રલ ઝોનના સ્ટાફ મારફતે સ્થળ ઉપર જઈ ત્વરીત કાર્યવાહી કરી મિલ્કતદારોને કાયદેસરની નોટીસ બજાવી મિલ્કત ખાલી કરાવી ભયજનક ભાગ ઉતારવાનું શરૂ કરાવેલ તેમજ આસ–પાસના વિસ્તારને

કોર્ડન કરી જાહેર જનતા તથા જાન–માલને નુકશાન ન થાય તેની તકેદારી લેવડાવવામાં આવેલ. તેમજ મિલ્કતદારો ધ્વારા તેઓની બિસ્માર મિલ્કત સ્વૈચ્છિક તેઓના ખર્ચે અને જોખમે ઉતારવાની બાંહેધરી આપતા આજે તા.૩૧/૦૮/૧૬ ના રોજ બિસ્માર મિલ્કત ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૩૪૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૯૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૫૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૬૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૯૯ કરદાતાઓ પાસેથી રૂા.૨૦,૨૧,૨૩૮/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૪૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૬૨ એન્ટ્રીમાં રૂા.૩,૪૭,૯૫૦/– અને આર.સી.ની ૮૪ એન્ટ્રીમાં રૂા.૫,૪૪,૮૮૦/– મળી કુલ રૂા.૮,૯૨,૮૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૨૦/– રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૭૧૦/– અને દંડની રકમની ૧૩ એન્ટ્રીમાં રૂા.૧૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા ધ્વારા ૦૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવ્યા.

પાણી ખાતા દ્વારા ૦૮ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૬૮૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા બડા ગણેશ મંદિર લારી–ગલ્લા, પાથરણાવાળાનું દબાણ હટાવી બંધ લારી–૦૫ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1048
તા.૩૧/૦૮/૨૦૧૬

૧૦૪૯

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તારલીંબાયતમાં ડિમ્પલનગર, હીરાનગર–પરવતપાટીયા, નુરાનીનગર–મીઠીખાડી, ઉધનામાં મોરારજી વસાહત, મસ્તાનનગર, પ્રેમનગર ઝુપડપટ્ટી–ભેદવાડ, વરાછામાં રામરાજય સોસાયટી–કાપોદ્રાવિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૩૧૪૨ કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૧૦૩૭૧વસ્તી આવરી લઈ૩૯કલોરીન ટેસ્ટ ૦૭પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૩૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૯ મેગા મેડીકલ કેમ્પ તથા ૪૩ નાના કેમ્પો મળી કુલ ૫૨કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૧૦૨૧૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

૧૦૫૦

# પ્રેસ નોટ

સુરત સ્માર્ટ સીટી અંતર્ગત સીટીઝન એન્ગેજમેન્ટના ભાગરૂપે શહેરના નાગરિકોને સ્માર્ટ સીટી અમલીકરણની પ્રક્રિયામાં લોકભાગીદારીથી સામેલ કરવાના હેતુથી **"Make my Surat City Smart"** અંગેની બે contests (1) Street & Junction-Visual Improvement Design Contest અને (2) Park- Visual Improvement Design contest અન્વયે ભારત સરકારની વેબસાઈટ www.mygov.in પર રાખવામાં આવેલ હતી. સ્પર્ધામાં ભાગ લેવા માટેની અંતિમ તારીખ ૧૦ જુલાઈ, ૨૦૧૬ હતી.જે ત્યારબાદ ૨૫ જુલાઈ, ૨૦૧૬ સુધી લંબાવવામાં આવેલ હતી.

સુરત ખાતે સદર બન્ને સ્પર્ધાના Existing Situation report બનાવવા માટે ભારત સરકારના MoUD તરફથી Crack team ની મુલાકાત તા. ૧૭–૦૬–૨૦૧૬ થી તા.૧૯–૦૬–૨૦૧૬ દરમ્યાન કરવામાં આવેલ હતી. જે દરમ્યાન સ્માર્ટ સીટીના એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ (ABD) વિસ્તાર હેઠળની ૭ ટી.પી.સ્કીમ પૈકીના બન્ને ઝોન એટલે કે વરાછા તથા લિંબાયત ઝોનના વિસ્તારમાંથી સંકલનમાં MoUD ની Crack teamના સહયોગથી સ્પર્ધા નં. ૧ સ્ટ્રીટ અને જંકશન માટે અર્ચના સ્કુલ સર્કલથી શ્યામાપ્રસાદ મુર્ખજી સર્કલથી આઈમાતા સર્કલથી કબુતર સર્કલથી કુંભાલ ફાયર સ્ટેશનથી ખાડી સુધીના રોડ તેમજ મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટની પાછળના ભાગમાં આવેલ જંકશનની પસંદગી તેમજ સ્પર્ધા નં. ૨ પાર્ક(ગાર્ડન) માટે ટી.પી. સ્કીમ નં.૬૪(મગોબ–ડુંભાલ), ફા.પ્લોટ નં.આર/૭ ખાતે લેન્ડમાર્ક ટેક્ષટાઈલ માર્કેટની પાછળના ભાગમાં આવેલ પાર્કની પસંદગી કરવાના આવેલ હતી. સ્પર્ધા માટેMoUDની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ Existing Situation report ની લીન્ક www.mygov.in વેબસાઈટ પર સુરત શહેરની સ્પર્ધા માટેના પેજ પર તેમજ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર રાખવામાં આવેલ હતી.

સ્પર્ધામાં ભાગલેવા માટે www.mygov.in તરફથી Terms & Conditions સુચવવામાં આવેલ હતાં. જે મુજબ સુરત શહેરના કોઈપણ નાગરિક mygov પોર્ટલ પર રજીસ્ટર કરાવીને સ્પર્ધામાં નિયમોનુસાર જણાવ્યા મુજબ પ્રેઝન્ટેશન ફોર્મેટમાં પોતાની એન્ટ્રી સબમીટ કરવાની સ્પર્ધાની અંતિમ તારીખ ૨૫ જુલાઈ, ૨૦૧૬ હતી.

સ્પર્ધાના Terms & Conditions અન્વયે "સીલેકશન પ્રોસેસ" માં જણાવ્યા મુજબ આવેલ તમામ સબમીશન એન્ટ્રીનું શોર્ટલીસ્ટીંગ કર્યા બાદ તેટલી સબમીશન એન્ટ્રી ચેરમેન સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.ની તા. ૧૯–૦૬–૨૦૧૬ ની મંજુરીથી જયુરી પેનલના સભ્યો (૧) કલેકટર અને ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રી મહેન્દ્ર

પટેલ, સુરત, (૨) સીઈઓશ્રી એમ.નાગરાજન, સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી., (૩) સીટી ઈજનેરશ્રી જે.એસ.શાહ, સુરત મહાનગરપાલિકા, (૪) નિષ્ણાંત આર્કીટેકટ તરીકે શ્રી અશોક દેસાઈ, (૫) શહેરના પ્રતિષ્ઠિત નાગરિક તરીકે શ્રી યઝદી કરંજીયા તથા (૬) MOUD કેન્દ્ર સરકારના ન્યુ દિલ્હીના પ્રતિનિધિ તરીકે શ્રી સુદીપ રોયની નિમણુંક કરવામાં આવેલ હતી. જે સંદર્ભે તા.૨૩–૦૮–૨૦૧૬ ના રોજ સાંજના ૫:૩૦ કલાકે જયુરી પેનલના સભ્યોની મીટીંગનું આયોજન સુરત જિલ્લા સેવાસદન ખાતે કલેકટરશ્રીની કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. જયુરી પેનલના સભ્યો દ્વારા સ્માર્ટ સીટી કોન્ટેસ્ટ હેઠળ શોર્ટ લીસ્ટેડ થયેલ દરેક સ્પર્ધકોને તેઓ દ્વારા કુલ ૧૦ માંથી માર્કસ આપવામાં આવેલ.

જયુરી પેનલ દ્વારા આપવામાં આવેલ ગુણના આધારે Make my Surat City Smart હેઠળ સ્પર્ધા નં. ૧ માં સરેરાશ મેળવેલ ગુણ મુજબ પ્રથમ ક્રમાંકે શ્રી અક્ષય જરીવાલા, દ્વિતીય ક્રમાંકે શ્રી શ્યાનીલ પટેલ તથા તૃતીય ક્રમાંકે શ્રી ચંદ્રેશને વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે તથા Make my Surat City Smart સ્પર્ધા નં. ૨ માં સરેરાશ મેળવેલ ગુણ મુજબ પ્રથમ ક્રમાંકે શ્રી રાજ ગોહિલ, દ્વિતીય ક્રમાંકે શ્રી ગૌરાંગ રાશીવાલા તથા તૃતીય ક્રમાંકે શ્રી ઈન્દ્રવદન વાળાને વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબ બન્ને સ્પર્ધાના ઘોષિત ત્રણ વિજેતાઓને સ્પર્ધાના નિયમો મુજબ પ્રથમ વિજેતાને રૂા.૫૦,૦૦૦, દ્વિતીય વિજેતાને રૂા.૩૦,૦૦૦ તથા તૃતીય વિજેતાને રૂા. ૨૦,૦૦૦ ઈનામ તરીકે સુરત મહાનગરપાલિકા તરફથી સ્માર્ટ સીટી યોજના અન્વયે આપી બિરદાવવાના છે તેમજ આ વિજેતાઓ દ્વારા સબમીશન એન્ટ્રીમાં સુચવવામાં આવેલ ઉપયોગી સુચનોને સદર વિસ્તારની સ્માર્ટ સીટી અન્વયેથી કરવાજોગ કામગીરીમાં સમાવેશ કરવામાં આવશે. સુરત સ્માર્ટ સીટી યોજના અન્વયે સુરત શહેરના નાગરિકો માટે હવે બીજા તબકકામાં પણ અન્ય સ્પર્ધાઓનું ટુંક સમયમાં mygov વેબસાઈટ પર યોજવાનું આયોજન છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## ખુબસુરત – સુરત આપનું સપનું આપણી ભુમિકા
## પ્રેસનોટ

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છતામાં વધુમાં વધુ પ્રમાણમાં નાગરીકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે ભારત સરકાર દ્વારા નાગરીકોને પ્રોત્સાહીત કરવા માટે દર પખવાડીયાની થીમ વાઈઝ અલગ અલગ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧/૦૯/૧૬થી તા ૧૫/૦૯/૧૬ દરમ્યાન ૫/૦૯/૧૬ ના રોજ "શિક્ષક દીન" નિમિત્તે શિક્ષકો/આચર્યશ્રી દ્વારા વાલીઓની મીટીંગ કરી બાળકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતતા કેળવવા માટે એક સ્વચ્છતા અભિયાનનો એક વર્કશોપનું આયોજન આજ તા.૩૧/૦૭/૧૬ રોજ ગાધી સ્મૃતી હોલ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ હતું.

જેમાં સૌપ્રથમ આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી અનિલભાઈ બીસ્કીટવાલાએ પ્રાસંગીક પ્રવચન કર્યા બાદ હાજર રહેલ પદાધિકારીશ્રીઓ/અધિકારશ્રીઓ/આચાર્યશ્રીઓ/શિક્ષકો તેમજ અન્ય વકતાઓને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેમાં ગુજરાત સરકાર સ્પીપા સંસ્થાના કલાસવન ઓફિસરશ્રી શૈલેષભાઈ સાડપરીયાએ "સ્વચ્છ ભારત મિશન" કાર્યક્રમને દેશનો એક સારો કાર્યક્રમ ગણી હાજર રહેલ તમામ શ્રોતાગણોને દ્રષ્ટાંતિક પ્રવચનમાં ખુબસુરત ખ્વાબને સાકાર કરવાના પાંચ પગલાઓ ગણાવ્યા હતા. જેમાં (૧) હકારાત્મક વિચારસરણી (૨) ધ્યેય નકકી કરવું (૩) ધ્યેયને પાર પાડવા જાત સમર્પિત કરવી (૪) ટીમ વર્કથી કામ કરવું (૫) જયાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી અટકવું નહિ. જેવા કેટલાક દ્રષ્ટાંન્તો આપી મનુષ્યએ હકારાત્મક અભિગમ કેળવી મગજને સ્વચ્છતા માટે જરૂરી છે. અને તેમા પણ જો બાળકો ને નાનપણ થી જ તેમના મગજ ને સ્વસ્છતા માટે ની જરૂરી કેળવણી આપવા મા આવે તો તે આપોઆપ જીવનભર સ્વચ્છતાને અનુસરશે આમ, શિક્ષકો મારફતે શાળાકક્ષાએ બાળકોને સ્વચ્છતા માટેનું જરૂરી શિક્ષણ આપવા આવે તો હાલ અને ભવિષ્યનો દેશ સ્વચ્છ બનશે. આ વર્કશોપમાં અંદાજીત ૪૫૦ થી ૫૦૦ શ્રોતાઓ હાજર રહેલ હતા. ત્યારબાદ ઉપસ્થિત અધિકારીગણ દ્વારા ભારત સરકારના "સ્વચ્છ ભારત મિશન" કાર્યક્રમ બાબતે જરૂરી માર્ગદર્શન/સલાહ/સુચનો આપી

માહીતગાર કરવામાં આવેલ હતા. છેલ્લે તમામ ઉપસ્થિત ગણોનો આભાર વ્યકત કરી વર્કશોપની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.


સુરત મહાનગરપાલિકા



૧૦૫૨

# પ્રેસ નોટ :

તા.૩૧–૦૮–૨૦૧૬ નાં રોજ સ્મીમેર ખાતે માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકઝીકયુટીવ કમિટીની મીટીંગમાં અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, કમિશ્નરશ્રી, શાસક પક્ષનાં નેતાશ્રી, અધ્યક્ષશ્રી (હોસ્પિટલ કમિટી), અધ્યક્ષશ્રી (આરોગ્ય કમિટી), મેડીકલ એક્ષ્પર્ટસશ્રીઓ વિગેરેની હાજરીમાં મળેલ મીટીંગમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે કેન્ટીન ભાડેથી ચલાવવા, સ્મીમેર હોસ્પિટલનાં ઈન્ડોર પેશન્ટસ માટે ડાયેટ સપ્લાયનું કામ, સ્મીમેર હોસ્પિટલ ખાતે તમામ પ્રકારનાં લીનન આર્ટિકલ્સ ધોઈ ઈસ્ત્રી કરી આપી લોન્ડ્રી યુનિટ ચલાવવાના કામે મંગાવવામાં આવેલ ટેન્ડર મંજુર કરવા સ્થાયી સમિતિને ભલામણ કરવામાં આવી. સ્મીમેર હોસ્પિટલનાં પેથોલોજી વિભાગમાં 5-Part Differential Haematology Analyzer Machine ની સુવિધા રીએજન્ટ રેન્ટલ સીસ્ટમથી ઉપલબ્ધ કરવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી. સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર લેવા આવતા દર્દીઓ માટે મેડીસીન વિભાગમાં હૃદય રોગોનાં નિદાન માટે અધતન Echocardiography Machine આશરે રૂા.૩૪,૪૦,૦૦૦.૦૦ નાં ખર્ચે ખરીદવાની ભલામણ કરવામાં આવી. સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે પેથોલોજી વિભાગ અંતર્ગત કાર્યરત બ્લડબેંકને IHBT વિભાગ (ઈમ્યુનો હીમેટોલોજી એન્ડ બ્લડ ટ્રાન્સફ્યુઝન વિભાગ) તરીકે અલગથી પ્રસ્થાપિત કરવાની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી તેમજ બ્લડ બેંક ખાતે વણવપરાયેલા FFP/CPP ને અન્ય ગવર્નમેન્ટ હોસ્પિટલમાં ચાલતી પ્રક્રિયા મુજબ તથા નેશનલ એઈડઝ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનની ગાઈડલાઈન મુજબ મુજબ વેચાણથી આપવાની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી.

૧૦૫૩

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૧/૦૯/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૬(અલથાણ)ના ફા.પ્લોટ નં.૨૩, ગાયત્રી એપાર્ટમેન્ટ બી–૩ તથા બી–૧૧ ના મિલ્કતદાર દ્વારા માર્જીનવાળા ભાગમાં ગ્રાઉન્ડ ફલોર પર આર.સી.સી.ફુટીંગ, કોલમ, બીમ તથા સ્લેબ સહિતનું આશરે ૧૨૦.૦૦ ચો.ફુટ વિસ્તારમાં કરેલ બાંધકામ આજરોજ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ દ્વારા દૂર કરવામાં આવેલ અને ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– મિલ્કતદાર પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના), મોજે–ગભેણી, બ્લોક નં.૪૦૨, ૪૦૩, પ્લોટ નં. ૩૭ થી ૫૪, ઈશ્વરનગર સોસાયટી ખાતે ૭૦૦ ચો.ફુટ આર.સી.સી. તથા ૮૦૦ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૬૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૬૦,૦૦૦/– તથા ૫,૦૦૦/– સી.ડી. ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૦૫૫

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૩૧.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂ.૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૦ લોકેશન (ખાડા) ૫૩૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૭.૩૩** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૨૯૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન, **૨૩૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., મોજ–ગભેણી, બ્લોક નં.૪૦૨, ૪૦૩, પ્લોટ નં. ૩૭ થી ૫૪, ઈશ્વરનગર સોસાયટી ખાતે ૭૦૦ ચો.ફુટ આર.સી.સી. તથા ૮૦૦ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/– તથા ૫,૦૦૦/– સી.ડી. ચાર્જ વસુલ લેવામાં આવેલ ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૪૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૪૯.૯૬** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૦.૫૭** લાખ થયેલ છે., **૧૧** EC તથા **૦૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨,૩૦૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** **૧૩** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૫૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૪** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૭** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૦૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૭૩૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૧૩૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૨૨** કરવામાં આવેલ છે. જયારે **૬૫** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૫,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૦૫૬

# :: પ્રેસનોટ ::

## ખેલ મહાકુંભ–૨૦૧૬

સુરત મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત જીલ્લા વહીવટીતંત્ર સુરતના સંયુકત ઉપક્રમે ગતિશીલ ગુજરાતમાં, ખેલનું વાતાવરણ સર્જતો ખેલ પ્રતિભા શોધનો મહા રમતોત્સવ ''ખેલમહાકુંભ–૨૦૧૬''નું આયોજન ચાલુ વર્ષે તા.૩૦/૦૯/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે. ''ખેલમહાકુંભ–૨૦૧૬''માં શાળા / ઝોન કક્ષા / મહાનગરપાલિકા કક્ષા અને છેલ્લે રાજય કક્ષાની સ્પર્ધા માટેનું આયોજન થનાર છે. આ ખેલમહાકુંભ–૨૦૧૬માં સમાવિષ્ટ વિવિધ રમતોમાં ભાગ લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી **તા.૧૫/૦૯/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન www.khelmahakumbh.org પર કરાવવાનું રહેશે. khelmahakumbh-2016 એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપ્લીકેશનથી પણ ઓન લાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે.** ''ખેલ મહાકુંભ–૨૦૧૬'' અંતર્ગત રમાનાર આ રમતોમાં કિશોર–કિશોરીઓથી માંડીને સીનીયર સીટીઝન, વૃધ્ધો પણ ભાગ લઈ શકશે. શહેરની શાળાઓ, કોલેજો વિગેરેના વિદ્યાર્થીઓ તથા ઓપન કેટેગરીમાં નગરજનોએ મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવી રમતોમાં ભાગ લેવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

૧૦૫૭

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાનીઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તાર કતારગામમાં એચ–૧ આવાસ–કોસાડ, લીંબાયતમાં નુરાનીનગર–મીઠીખાડી, વરાછામાં ડી.આર.વર્લ્ડ આઈનોક્ષની બાજુમાં ખાડી પરનાં ઝુંપડા, ઉધનામાં મોરારજી વસાહત, મસ્તાનનગર, કૈલાસનગર, પત્રકાર કોલોની, ગીતાનગર–પાંડેસરા, રામેશ્વરનગરગભેણી રોડ,અઠવામાં રસુલાબાદ ઝુંપડપટ્ટી–ભટારવિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૨૩૩૮કુટુંબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૯૪૧૦વસ્તી આવરી લઈ૩૭કલોરીન ટેસ્ટ ૦૮પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૧,૨૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૯ મેગા મેડીકલ કેમ્પ તથા ૪૩ નાના કેમ્પો મળી કુલ પરકેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૧૦૨૧૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

૧૦૫૮

# **પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા ' મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન અલથાણ વોર્ડ અને વેસુ વોર્ડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૦૧/૦૯/૧૬ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૪૫ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૦૨ સફાઈ કામદારો, ૧૫ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૧૦ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૫૮ ઈસમો પાસેથી રૂા. ૩૦,૨૫૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ. અખાદ્ય પદાર્થનો નાશ : ૧૭ ક્રિ.ગ્રા, પ્લાસ્ટિક જપ્ત : ૭.૭૫૦ ક્રિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ.

આકારણી વિભાગ દ્વારા સ્થળ પર જ રૂા. ૭૧, ૯૩૫/– વેરા વસૂલાત કરવામાં આવેલ છે. ગુમાસ્તા વિભાગ દ્વારા ૩૯ સંસ્થા પાસે રૂા. ૧૫,૫૦૦/– પ્રો.ટેક્ષ વસુલવામાં આવેલ તેમજ ૧૫ નોટીસ પાઠવવામાં આવેલ છે.

વધુમાં ટી.પી. સ્કીમ નં. ૩૬ (અલથાણ) ના ફા.પ્લોટ નં. ૨૩ ગાયત્રી એપાર્ટમેન્ટ, બી–૩ તથા બી–૧૧ના મિલકતદાર આશરે ૧૨૦.૦૦ ચો.ફુટ વિસ્તારમાં કરેલ બાંધકામ શહેરી વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ દ્વારા દૂર કરવામાં આવેલ ડીમોલેશન ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/– મિલકતદાર પાસેથી વસુલ કરવામાં આવેલ છે.

૧૦૫૯

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૪૨૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૬૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૧૯ કરદાતાઓ પાસેથી રૂા.૧૯,૫૪,૨૩૨/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૫૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૫૨ એન્ટ્રીમાં રૂા.૩,૧૫,૮૧૫/– અને આર.સી.ની ૧૦૫ એન્ટ્રીમાં રૂા.૩,૭૨,૬૯૦/– મળી કુલ રૂા.૬,૮૮,૫૦૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૬૦/– રીન્યુઅલની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૮૦/– અને દંડની રકમની ૦૫ એન્ટ્રીમાં રૂા.૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : સીંગણપોર માર્કેટ થી ચાર રસ્તાથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૪ તથા અન્ય–૨૫ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : દાવલશા સોસા. રોડ તથા અખંડ આનંદ સ્કુલની સામેની ગલી તૃપ્તિ ઈન્ડ. પાસે દબાણ હટાવી બંધ લારી–૧૦ તથા ખુલ્લી લારી–૦૬ જપ્ત કરવામાં આવેલ છે.

૧૦૬૦

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં. ૪૨૧૦/બી, ૪૨૧૧/બી, ભુલામોદીનો ચકલો, બેગમપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ વધારાના માળનું બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારાને કાયદેસરની નોટીસ પાઠવવામાં આવેલ, તેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં, આજે તા.૦૧/૦૯/૧૬ થી સદરહુ મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ આશરે ૬૨૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બીમ, સ્લેબ તથા આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

૧૦૬૧

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૧.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૦૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૧ લોકેશન (ખાડા) ૩૭૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૩.૨૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૭** લોકેશન(ખાડા) **૧૮૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૧૨** લોકેશન, **૨૧૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૮૯** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૦૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૮.૯૫** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૨.૨૨** લાખ થયેલ છે., **૧૦** EC તથા **૦૪** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૩૧**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૬૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.**, **૩૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૮** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૮૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૫૦૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૬૬૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૧૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૬૭** કરવામાં આવેલ છે. જયારે **૫૩** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૧,૬૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૦૬૨

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૭/૦૮/૧૬ થી તા.૦૨/૦૯/૧૬ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૫૭૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૪૦ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૩૧ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૬ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૨ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૩ |

૧૦૬૩

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ)ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબાર યાદી :–</u>**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે નોર્થઝોન(કતારગામ)ઝોન સંલગ્ન અખંડ આનંદ વોર્ડ વિસ્તારમાં આવેલ દાવલાશા મેઈન રોડ, લક્ષ્મીનગર, નવાનાથનો ખાડો ,દત્ત મંદિર વિસ્તાર,મીરાનગર રોડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૮૩–સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૧૩– સફાઈ કામદારો ૨૬–લોકસેવા બેલદારો અને ડ્રેનેજ વિભાગના ૧૫–બેલદારો ધ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૮૮– ઈસમો પાસેથી ૧૭,૩૫૦/–વહીવટી વસુલાત કરવામાં આવેલ અખાધ પદાર્થનો નાશ–૩.૪ કિ.ગ્રા., ૧૨.૫૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ૨૪–સંસ્થા પાસે થી રૂા. ૨૪,૫૬૫ પ્રો.ટેક્ષ વસુલવામાં આવેલ છે. તેમજ ઝોનના દબાણખાતા ધ્વારા જાહેર રસ્તા પરથી ૧૬–લારી દુર કરવામાં આવેલ છે.તેમજ વીબીડીસી વિભાગ ધ્વારા ૦૬–ઈસમ પાસથી રૂા.૩૮૦૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં સદર સફાઈ ઝુંબેશમાં મ્યુ.સભ્યશ્રી અનિલભાઈ ભોજ તથા શ્રીજયંતિભાઈ ભંડેરી હાજર રહયા હતા.

૧૦૬૪

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે તા. ૩/૦૯/૨૦૧૬ના રોજ ગણેશ ચતુર્થી નિમિત્તે વિશેષ 'ગણેશ પ્રદર્શન', ''પાવર ઓફ પ્લે ગેલેરી'', ''એન્ટ્રી પ્લાઝા એકઝીબીટસ'' ,''પાર્ક એકઝીબીટસ'' અને ''ગજેબો''નું લોકાર્પણ મા. મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ સ્થાને સવારે ૧૦:૦૦ કલાકે કરવામાં આવનાર હોય જાહેર જનતાને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

૧૦૬૫

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૬/૦૮/૨૦૧૬ થી તા.૦૧/૦૯/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૪,૯૬૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૬,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૧૬.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૨.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૫૧ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૪૫,૬૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૬ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૪,૪૬૫ અને ૯,૩૫૧ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૮૫,૯૫૦/– અને રૂા.૩,૬૯,૦૩૦/– રકમ મળી કુલ રકમ રૂા.૫,૫૪,૯૮૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારા જુદા-જુદા વિસ્તાર કતારગામમાં એચ-૨-કોસાડ, લીંબાયતમાં નુરાનીનગર, પ્રેમનગર, મોમનાની ચાલ-ઉમરવાડા, અઠવામાં આઝાદનગર ઝુપડપટ્ટી-ભટાર, વરાછામાં ગીરનારનગર, શિવનગર-પૂણા, ઉધનામાં રામેશ્વરનગર, ગીતાનગર, કૈલાશનગર, પત્રકાર કોલોની-પાંડેસરા, વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમાં ૨૭૯૧ કુટુંબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૧૦૭૪૯ વસ્તી આવરી લઈ ૩૨ કલોરીન ટેસ્ટ ૦૫ પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૧,૦૦૦ નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦ જુદા-જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદઉપરાંત આ ઋતુ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા આજદિન સુધી ૦૯ મેગા મેડીકલ કેમ્પ તથા ૪૩ નાના કેમ્પો મળી કુલ ૫૨ કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૧૦૨૧૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...1067
તા.૦૨/૦૯/૨૦૧૬

૧૦૬૮

# **<u>પ્રેસનોટ</u>**

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ ઝોનમાં તા.૦૨/૦૯/૨૦૧૬ ના રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન (૧) મીઠીખાડી બ્રીજથી નીલગીરી સર્કલ સુધી, (૨) ફુલવાડી મેઈનરોડ વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી, ગુમાસ્તા, દબાણ વિભાગ તથા વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સંકલિત સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી મે. ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેર આશિષ દુબે, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર–**<u>૦૩</u>**, આસી. જંતુનાશક અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક–<u>૦૨,</u> જુ./આસી.ઈજનેર–**<u>૧૧</u>** તેમજ સુપરવાઈઝર સ્ટાફ–**<u>૧૬</u>** અને <u>૮૮</u> સફાઈ કામદાર/ બેલદાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી <u>કુલઃ– **૩૩** મેટ્રિક ટન</u> નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી–**<u>૦૨</u>** તેમજ શૈક્ષણિક સંસ્થા–**<u>૦૧</u>** ની આજુબાજુ સાફ–સફાઈ/રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. મેન હોલની સંખ્યા –**<u>૩૬</u>** સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ઈનલેટ ચેમ્બર સંખ્યા ની –**<u>૧૫</u>** ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. હોટલ/રેસ્ટોરન્ટ સંખ્યાઃ– ૦૪ ચેક કરી–**<u>૦૬</u>** કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા <u>–૦૫</u> સંસ્થાની નોંધણી કરી, <u>૪૫૦૦૦/–</u> પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વોટર ટેબલ **<u>–૫૦</u>** રનીંગ મીટર સેટ–રીસેટ કરવાની કામગીરી કરવામાં આવી તથા પેચવર્ક <u>–૩૨૦</u> ચોરસ મીટર કરવામાં આવ્યું. તેમજ હોસ્પીટલ અને કલીનીકમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલ બાબતે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના– **<u>૨૪૩૬</u>** ઘરોમાં સર્વે કરી મળેલ **<u>૨૫</u> બ્રિડીંગોનો નાશ** કરેલ તેમજ **<u>૧૦</u> નોટીસ** આપી તથા **<u>૨૨</u> નકામા કન્ટેનરોનો** નિકાલ કરાવી **ઈસમો–<u>૦૮</u>** પાસે **<u>રૂ.૫,૧૫૦–</u>** નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. આકારણી વિભાગ દ્વારા **<u>રૂ.૭૭૦૦૦/–</u>** વેરા વસુલાત કામગીરી કરવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી <u>કુલ –૩૪ નોટીસ આપી, કુલ–૩૦ ઈસમો પાસે **રૂ.૮૧૫૦/–** નો વહીવટી ચાર્જ</u> કરવામાં આવ્યો હતો.

# પ્રેસનોટ

તા.૦૩/૦૯/૨૦૧૬ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે ભોંયતળિયે એન્ટ્રી પ્લાઝા એકઝીબીટસ અને પાર્ક એકઝીબીટસ,પ્રથમ માળે પાવર ઓફ પ્લે ગેલેરી, માહેશ્વરીભવનમાં પાછળના ભાગે ગજેબોનું તથા તા.૦૩/૦૯/૨૦૧૬ થી તા.૧૮/૦૯/૨૦૧૬ સુધી યોજાનાર ગણપતિ પ્રતિમાઓના પ્રદર્શનની ઉદ્‌ઘાટનવિધિ તેમજ સવારે ૧૦:૦૦કલાકે ઉદ્‌ઘાટનવિધિ તેમજ રાંદેર ઝોન વિસ્તારમાં તથા ગુજરાત ગેસ સર્કલ ખાતે ટ્રાફિક આઈલેન્ડની સવારે ૧૧:૦૦કલાકે લોકાર્પણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ પદે તેમજ રાજય કક્ષા માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી , ગુજરાત સરકારના દંડકશ્રી અજયકુમાર ચોકસી,માન.સંસદીય સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ શ્રી પુર્ણેશભાઈ મોદી, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ , મા. સાંસદશ્રી સી.આર. પાટીલ , મા.સાંસદશ્રી પરભુભાઈ વસાવા , ગુ.હા.બોર્ડના મા. અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે તથા મા. ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ,મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી , મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મા. ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, મા. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, મા. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ , મા.શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રાના અતિથિવિશેષ પદે, સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, ગૃહ નિર્માણ અને ઉધાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપરા, અને જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિના અધ્યક્ષ શ્રી અનિલભાઈ ગોપલાણીના વરદહસ્તે લોકાર્પણ રાખવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર ખાતે ભોંયતળિયે સાકારિત એન્ટ્રી પ્લાઝા એકઝીબીટસ અને પાર્ક એકઝીબીટસ સેડલ, સાઈકલોઈડ, એપીસાઈકલોઈડ, ઈનવોલ્યુટ, જીઓડેસીક વિગેરે જેવા જુદા જુદા ભૌમિતિક આકાર ધરાવતી બેઠક વ્યવસ્થા છે. મુલાકાતીઓ આ આકારો પર બેસી શકે છે અને આ ભૌમિતિક આકારોના ગુણધર્મો વિશે જાણી શકે છે. જયારે પાર્ક એકઝીબીટસમાં પેન પાઈપ, ઝડપી ચકરી, પાંજરામાં પંખી, પીન હોલ કેમેરા, તમારી જાતને ઉંચકો, ઉપવલયાકાર બોલતી નળી, આઘાત અને પ્રત્યાઘાત, ટગ ઓફ વોર અને ગુરુત્વ ખુરશીનો સમાવેશ થાય છે.

સાયન્સ સેન્ટર ખાતે પ્રથમ માળે સાકારિત પાવર ઓફ પ્લે ગેલેરી "ગમ્મત સાથે જ્ઞાન"ના વિચાર આધારિત તૈયાર કરવામાં આવેલ છે. જે રમત દ્વારા જ્ઞાન આપે છે. બાળકો અહીં માનવ શરીર, વિવિધ ભૌમિતીક આકારો, શાકભાજી અને ફળો વિગેરે વિશે જાતે માહિતી પ્રાપ્ત કરી શકશે.

સાયન્સ સેન્ટર ખાતે બીજો માળે સાકારિત ગણપતિની પ્રતિમાઓનું પ્રદર્શન તા.૦૩/૦૯/૨૦૧૬ થી તા.૧૮/૦૯/૨૦૧૬ સુધી યોજાનાર ગણેશજીની વિવિધ મુદ્રામાં અને

જુદાજુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મુર્તિઓ, પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર ખાતે માહેશ્વરીભવનના પાછળના ભાગે ગજેબોનો ઉપયોગ સાયન્સ સેન્ટરની મુલાકાતે આવનાર મુલાકાતીઓ માટે તૈયાર કરવામાં આવેલ હોય તેઓ આ ગજેબોમાં તૈયાર ભોજન/ નાસ્તો પીરસી શકાશે.

સુરત શહેરને સુંગઠિત, સુયોજીત પબ્લીક માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા પૂરી પાડવાના હેતુસર સુરત બી.આર.ટી.એસ. પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ. જેમાં બી.આર.ટી.એસ. ફેઝ–૨ અંતર્ગત પાલ થી અડાજણ પાટીયા થઈ જહાંગીરપુરા સુધીના રસ્તાનો પણ બી.આર.ટી.એસ જે રૂટ પર સરદાર બ્રીજ એપ્રોચ પાસે ફલાય ઓવર બ્રીજ નીચે તથા આજુબાજુના ભાગમાં લેન્ડસ્કેપીગ તથા બ્યુટીફીકેશન સિવિલ, ઈલેકટ્રીકલ, હોર્ટીકલ્ચર તથા અન્ય કામો હાથધરી આઈલેન્ડ શુશોભિત કરવામાં આવેલછે.

આ પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યુ નિમંત્રણ છે

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં.૧૦૬૯
તા.૦૨/૦૯/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૧/૦૯/૧૬ના રોજ શિક્ષકો દ્વારા શાળા/કોલેજમાં વિદ્યાર્થીઓના સહયોગથી સ્વસ્છતા અભિયાનની સંયુકત સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૧/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ સ્કુલ, કોલેજમાં શિક્ષકો/વિદ્યાર્થીઓ દ્વારા સ્કુલ, કોલેજની અંદર તેમજ મેદાનમાં સ્વસ્છતા અંગેનું ધનિષ્ઠ સફાઈ ઝુંબેશનું આયોજન હાથ ધરવામાં આવેલ હતું.

| શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | અંદાજીત કચરાનો નિકાલ મે.ટન | જંતુનાશક દવાનો છંટકાવ કિ.ગ્રા. |
|---|---|---|---|---|---|---|
| 45 | 82 | 170 | 24 | 96 | 3.163 | 319 |

વધુમાં સ્કુલ, કોલેજોમાં શિક્ષકો દ્વારા સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૦૭૧

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૦૩.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૨ લોકેશન (ખાડા) ૧૦૨૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ ૬૯.૬૮ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન(ખાડા) **૬૫૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૯** લોકેશન, **૧૯૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ–૮૩, પ્લોટ નં.૪૫, દત કુટીર સોસા. ખાતે ૨૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ નં.૧૯, સાંઈ સિધ્ધી એપા. ખાતે ૫૦૦ ચો.ફુટમાં પતરા દુર કરવામાં આવેલ તથા ટી.પી.૫૬ (બમરોલી), બ્લોક નં.૨૦૨, ફા.પ્લોટ નં.૩૦/એ/બી, પ્લોટ નં.૨૧૦ ૨૧૫, ગણપતનગર ખાતે ડીમોલીશનની કામગીરી પ્રગતિ હેઠળ છે ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૭,૭૫૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૬** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૬૮** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૯૪.૧૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૬૪** લાખ થયેલ છે., **૦૭** EC તથા **૦૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૧૦૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૨૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૧.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૭૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૫૭૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૬૬૩** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૩૦** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૦૩૧** કરવામાં આવેલ છે. જયારે **૪૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

તા.૦૩/૦૯/૨૦૧૬ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે ભોંયતળિયે એન્ટ્રી પ્લાઝા એકઝીબીટસ અને પાર્ક એકઝીબીટસ,પ્રથમ માળે પાવર ઓફ પ્લે ગેલેરી, માહેશ્વરીભવનમાં પાછળના ભાગે ગજેબોનું તથા તા.૦૩/૦૯/૨૦૧૬ થી તા.૧૮/૦૯/૨૦૧૬ સુધી યોજાનાર ગણપતિ પ્રતિમાઓના પ્રદર્શનની ઉદ્દઘાટનવિધિ તેમજ સવારે ૧૦:૦૦કલાકે ઉદ્દઘાટનવિધિ તેમજ રાંદેર ઝોન વિસ્તારમાં તથા ગુજરાત ગેસ સર્કલ ખાતે ટ્રાફિક આઈલેન્ડની સવારે ૧૧:૦૦કલાકે લોકાર્પણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ પદે તથા સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, ગૃહ નિર્માણ અને ઉધાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપરાના વરદ્હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ.

સાયન્સ સેન્ટર ખાતે ભોંયતળિયે સાકારિત એન્ટ્રી પ્લાઝા એકઝીબીટસ અને પાર્ક એકઝીબીટસ સેડલ, સાઈકલોઈડ, એપીસાઈકલોઈડ, ઈનવોલ્યુટ, જીઓડેસીક વિગેરે જેવા જુદા જુદા ભૌમિતિક આકાર ધરાવતી બેઠક વ્યવસ્થા છે. મુલાકાતીઓ આ આકારો પર બેસી શકે છે અને આ ભૌમિતિક આકારોના ગુણધર્મો વિશે જાણી શકે છે. જયારે પાર્ક એકઝીબીટસમાં પેન પાઈપ, ઝડપી ચકરી, પાંજરામાં પંખી, પીન હોલ કેમેરા, તમારી જાતને ઉંચકો, ઉપવલયાકાર બોલતી નળી, આઘાત અને પ્રત્યાઘાત, ટગ ઓફ વોર અને ગુરુત્વ ખુરશીનો સમાવેશ થાય છે.

સાયન્સ સેન્ટર ખાતે પ્રથમ માળે સાકારિત પાવર ઓફ પ્લે ગેલેરી "ગમ્મત સાથે જ્ઞાન"ના વિચાર આધારિત તૈયાર કરવામાં આવેલ છે. જે રમત દ્વારા જ્ઞાન આપે છે. બાળકો અહીં માનવ શરીર, વિવિધ ભૌમિતીક આકારો, શાકભાજી અને ફળો વિગેરે વિશે જાતે માહિતી પ્રાપ્ત કરી શકશે.

સાયન્સ સેન્ટર ખાતે બીજો માળે ગણપતિની પ્રતિમાઓનું પ્રદર્શન તા.૦૩/૦૯/૨૦૧૬ થી તા.૧૮/૦૯/૨૦૧૬ સુધી યોજાનાર ગણેશજીની વિવિધ મુદ્રામાં અને જુદાજુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મૂર્તિઓ, પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર ખાતે માહેશ્વરીભવનના પાછળના ભાગે ગજેબોનો ઉપયોગ સાયન્સ સેન્ટરની મુલાકાતે આવનાર મુલાકાતીઓ માટે તૈયાર કરવામાં આવેલ હોય તેઓ આ ગજેબોમાં તૈયાર ભોજન/ નાસ્તો પીરસી શકાશે.

સુરત શહેરને સુંગઠિત, સુયોજીત પબ્લીક માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા પૂરી પાડવાના હેતુસર સુરત બી.આર.ટી.એસ. પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ. જેમાં બી.આર.ટી.એસ. ફેઝ–૨ અંતર્ગત પાલ થી અડાજણ પાટીયા થઈ જહાંગીરપુરા સુધીના રસ્તાનો પણ બી.આર.ટી.એસ જે રૂટ પર સરદાર બ્રીજ એપ્રોચ પાસે ફલાય ઓવર બ્રીજ નીચે તથા આજુબાજુના ભાગમાં લેન્ડસ્કેપીંગ તથા બ્યુટીફીકેશન સિવિલ, ઈલેકટ્રીકલ, હોર્ટીકલ્ચર તથા અન્ય કામો હાથધરી આઈલેન્ડ સુશોભિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.સંસદીય સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ શ્રી પુર્ણેશભાઈ મોદી, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ , ગુ.હા.બોર્ડના મા. અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, મા. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના ચેરમેનશ્રી ,મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૦૩/૦૯/૧૬ શનિવાર ના રોજ કાદરશાની નાળની આજુબાજુના વિસ્તારમાં આરોગ્યલક્ષી અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગૃપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટેકનીકલ વિભાગ ધ્વારા ૯૫ રનીંગ મીટર રસ્તાના વોટર ટેબલ તથા ફુટપાથ રીસેટ કરવાની કામગીરી, ૧૬૫ ચો.મી. પેચવર્ક કરવાની કામગીરી, ૦૩ જગ્યાએ સુઅર જેટીંગની મદદથી ડ્રેનેજ લાઈન ચોકઅપ દુર કરવાની કામગીરી તથા ૧૧૫ જગ્યાએ મ્યુ.પાણી સપ્લાય દરમ્યાન કલોરીનની માત્રા ચેક કરવાની કામગીરી કરી ૧૭ પાણીના નમુનાઓ બેકટોલોજીકલ/કેમીકલ તપાસ માટે લેવામાં આવેલ છે. ૪૯ જગ્યાએ સ્ટ્રીટલાઈટ પોલ ચેક કરી જરૂરી રીપેરીંગની કામગીરી કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા બંધ લારી–૦૪ તથા ૦૧ ગાડી લોખંડ/લાકડાનો ભંગાર જપ્ત કરવામાં આવેલ છે.

ગાર્ડન વિભાગ ધ્વારા ૦૮ જગ્યાએથી બિનજરૂરી લોખંડના પીજરા દુર કરવાની તથા ૦૧ બાગમાં સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ૧૨૭ સંસ્થાની તપાસ કરેલ, ૦૭ ઈસમો પાસેથી રૂા.૩,૭૫૦/– નો પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ ધ્વારા ૩૩.૫૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૧ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સકર્તા ૬૩ ઈસમ પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૨૬,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૧.૩૫૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ ૪૩ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૧૨.૦૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. આ ઉપરાંત ૦૨ મટન/ફીશ માર્કેટ, ૦૫ ટ્રાફીક સર્કલ તથા ૦૪ પ્રતિમાની સફાઈ કરાવવામાં આવેલ છે. પ્રચાર ગાડી તથા રીક્ષા મારફત સમગ્ર વિસ્તારમાં આધારકાર્ડની જરૂરિયાત માટે તથા પાણીજન્ય રોગો અને મચ્છરજન્ય રોગોની અટકાયત બાબતે પ્રચાર ધ્વારા પ્રસાર કરવામાં આવેલ છે. સ્થળતપાસ દરમ્યાન મળેલ ૦૫ ડ્રેનેજ ઓવરફલોની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા કન્ટેનર સ્પોટની આજુબાજુ ૨૪૦૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૩૩.૫ મે.ટન જેટલો બાંધકામ મટીરીયલ તથા ડેબ્રીસના ઢગલાઓ ઉપાડવામાં આવેલ છે.

વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૧૧૪૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૪૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૧૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૮ ઈસમને નોટીસ આપવામાં આવી તથા રૂા. ૧૧,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ છે તથા ૪૬ જેટલા ટાયર, કેરબા તથા ડબ્બા વિગેરેનો પડતર સામાન જપ્ત કરેલ છે તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પત્તિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ૨૭૯ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે તા. ૩/૦૯/૨૦૧૬ના રોજ નવનિર્મિત ''પાવર ઓફ પ્લે ગેલેરી'', ''એન્ટ્રી પ્લાઝા એકઝીબીટસ'' ,''પાર્ક એકઝીબીટસ'' અને ''ગજેબો''નું લોકાર્પણ તથા ગણેશ ચતુર્થી નિમિત્તે વિશેષ 'ગણેશ પ્રદર્શન'નું ઉદઘાટન મા. મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ હતુ. આ લોકાર્પણ અને ઉદઘાટન સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી રૂપલબેન શાહના વરદ હસ્તે કરવામાં આવેલ હતુ. સમગ્ર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મા. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ તેમજ શ્રી શંકરલાલ ચેવલી, મા.ડે. મેયરશ્રી, શ્રી રાજેશભાઈ દેસાઈ, મા. અધ્યક્ષ, સ્થાયી સમિતિ તથા વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તથા આંગણવાડીની બહેનો અને બાળકોઓ તેમજ સુરત શહેરના નગરજનો ઉપસ્થિત રહયા હતા. ક્રિએટીવ મ્યુઝિયમ ડિઝાઈનર્સ, કોલકાતાના પ્રતિનિધિઓ પણ હાજર રહયા હતા.

ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની વિવિધ મુદ્રામાં અને જુદાજુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મુર્તિઓ, પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં ગણેશજીના જન્મની કથા, ધાર્મિક મહત્વ, ગુજરાત તેમજ દેશ–વિદેશમાં ઉજવાતા ગણેશોત્સવની માહિતી, ગણપતિના વિવિધ સ્વરૂપ તેમજ ગણેશ વિસર્જનની મહત્વતા દર્શાવવામાં આવી છે. સદર પ્રદર્શનમાં આર્કીટેકટશ્રી સંજયભાઈ જોશીના અંગત સંગ્રહની વિવિધ કલાત્મક મુર્તિઓ તેમજ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના સંગ્રહમાં સંરક્ષિત ગણેશની વિવિધ પદાર્થોમાંથી બનાવેલ મુર્તિઓ જેવી કે, માર્બલ, તાંબુ, પિત્તળ, પથ્થર, ફાઈબર, માટી, ચાંદી, લાકડુ, કાચ, શણ, શંખ–છીપ, સ્ફટીક વિગેરે મળી કુલ ૨૨૫ જેટલી મુર્તિઓ ડીસ્પ્લે કરવામાં આવેલ છે અને વિવિધ મુદ્રાના ગણેશજીના ૨૫૦ જેટલા ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ પ્રદર્શન સાયન્સ સેન્ટરના મુલાકાતીઓ તારીખ ૩ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૬ સુધી નિહાળી શકશે.

સાયન્સ સેન્ટરના પ્રથમ માળે આવેલ પાવર ઓફ પ્લે ગેલેરી ''ગમ્મત સાથે જ્ઞાન''ના વિચાર આધારિત તૈયાર કરવામાં આવેલ છે. આ ગેલેરીમાં ૩ થી ૧૨ વર્ષના બાળકો લાભ લઈ શકશે. આ ગેલરી તેઓને પ્રયોગાત્મક અનુભવ મળે તે રીતે બનાવવામાં આવી છે. અહીં બાળકો મનોરંજન સાથે પોતાની કલ્પના શકિતનો ઉપયોગ કરી જાતે પ્રયોગ કરી શકે છે. પાવર ઓફ પ્લે ગેલેરીમાં 'હેલો હેલો' ,'ટોય ટ્રેન', 'બમ્પી ટ્રેક' વિગેરે જેવા પરસ્પર સંવાદાત્મક (ઈન્ટરએકટીવ) એકઝીબીટસ છે જે રમત દ્વારા જ્ઞાન આપે છે. બાળકો માટે અહીં માનવ શરીર, વિવિધ ભૌમિતીક આકારો, શાકભાજી અને ફળો વિગેરે વિશે માહિતી આપતા એકઝીબીટસ છે, જે બાળકોમાં સર્જનાત્મકતા જાગૃત કરે છે.

સાયન્સ સેન્ટરમાં ભોંયતળિયે ટીકીટ બારી અને સોવેનિયર શોપની વચ્ચે આવેલ એન્ટ્રી પ્લાઝામાં જુદા જુદા ભૌમિતિક આકાર ધરાવતી બેઠક વ્યવસ્થા પ્રદર્શિત કરવામાં આવી છે જેના પર મુલાકાતીઓ બેસી શકે છે તેમજ આ ભૌમિતિક આકારોના ગુણધર્મો વિશે જાણી શકે છે. અહીં મુલાકાતીઓ બૌધ્ધિક કોયડા આધારિત તેનગ્રામ દ્વારા ભૌમિતિક આકારો વિશે સમજ પ્રાપ્ત કરી શકે છે.

આજ પ્રમાણે સાયન્સ સેન્ટરમાં મ્યુઝિયમ અને આર્ટગેલેરીની વચ્ચે આવેલ ખુલ્લી જગ્યામાં નવ (૯) પાર્ક એકઝીબીટ લગાવવામાં આવેલા છે, જેમાં પેન પાઈપ, ઝડપી ચકરી, પાંજરામાં પંખી, પીન હોલ કેમેરા, તમારી જાતને ઉચકો, બોલતી નળી, આઘાત અને પ્રત્યાઘાત, ટગ ઓફ વોર અને ગુરુત્વ ખુરશીનો સમાવેશ થાય

છે. આ એકઝીબીટ વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો પર તૈયાર કરવામાં આવેલ છે. NCSM, કોલકાતા દ્વારા આ ગેલેરી તૈયાર કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટરના સંકુલમાં બહારગામથી આવતી શાળા/ કોલેજ/ શૈક્ષણિક સંસ્થાઓ મોટી સંખ્યામાં મુલાકાતે આવે છ઼, તેઓના શૈક્ષણિક પ્રવાસમાં સાયન્સ સેન્ટર સાથે અન્ય સ્થળોની પણ મુલાકાત લેવાનુ આયોજન હોય છે, જેથી બાળકો નાસ્તો કરી શકે તે માટે માહેશ્વરી ભવનના પાછળના ભાગના મહાનગરપાલિકાના ખાલી પ્લોટમાં ૭૦ થી ૧૦૦ બાળકોનો સમાવેશ થઈ શકે તેવો ગજેબોનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ગજેબોનો ઉપયોગ સાયન્સ સેન્ટરની મુલાકાત આવેલ સ્કુલ/ કોલેજ શૈક્ષણિક સંસ્થાઓના વિધાર્થીઓને તૈયાર ભોજન/ નાસ્તો પીરસવા માટે નિયત ડિપોઝિટ ભરીને ઉપયોગમાં લઈ શકશે. વધુમાં સાયન્સ સેન્ટર ખાતે ઓડિટોરીયમ, આર્ટ ગેલેરી કે એમ્ફી થિયેટરમાં યોજાતા કાર્યક્રમ સાથે  ભોજન/ નાસ્તો પીરસવા માટે નિયત ડિપોઝિટ ભરીને ગજેબોને ઉપયોગમાં લઈ શકશે. આ ગજેબોમાં  પીવાના પાણી, વાહનોનું પાર્કીગ, શૌચાલય તથા જરૂરી માર્ગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આવનાર દિવસોમાં સાયન્સ સેન્ટર ખાતે સ્પેસ ગેલેરી, પોલર સાયન્સ ગેલેરી, ટેક્ષટાઈલ ગેલેરી જેવી વધુ નવી ગેલેરીઓ બનાવવામાં આવનાર છે જેનો લાભ જાહેર જનતા લઈ શકશે.

<u>ગણેશ પ્રદર્શનનો સમયઃ–</u>

તા.૩,૪,૧૦,૧૧,૧૭ અને ૧૮ ના રોજ સવારે ૧૧ઃ૩૦ થી સાંજે ૬ઃ૩૦ સુધી

તા.૫ ,૧૨ તથા ૧૫ ના રોજ સાયન્સ સેન્ટર તથા પ્રદર્શન બંધ રહેશે.

તા. ૬ થી ૯, ૧૩ ,૧૪ અને ૧૬ના રોજ સવારે ૯ઃ૩૦ થી સાંજે ૪ઃ૩૦ સુધી

૧૦૭૫

# –: પ્રેસ નોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

**ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૩/૦૯/૨૦૧૬ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડા ફાર્મ રોડ, પોલીસ સ્ટેશન ચોકી પાસે, પુણા, સુરત .ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.**

**આ પ્રસંગમાં ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.એચ.એસ.દેસાઈ, એડવાઈઝર ડો.એચ.ડી.દુધવાલા, નાયબ આરોગ્ય અધિકારી(વરાછા ઝોન) ડો.ડી.એસ.પટેલ, ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી(પુણા ઝોન) ડો.પ્રકાશ પટેલ આસી.જંતુનાશક અધિકારીશ્રી જયેશ પરમાર, મ્યુ. શ્રી વિજયભાઈ પાનસેરીયા,સોનલ દેસાઈ, શ્રી નીલેશભાઈ કુભાણી તથા સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તેમજ પૂણા શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.**

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં પુણા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૬૧૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૧૭૪, સર્જન દ્વારા ૧૩, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૪૬, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૧૮, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૬૫, આંખના નિષ્ણાંત દ્વારા ૯૩, મેડીકલ ઓફીસર દ્વારા ૧૦૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૪૫ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૮૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૬૫ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.જુદા–જુદા રોગ અંગેની ૫૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૫૦, ઓરલ પીલ્સ ૧૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૨૫૦૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૯ બાળકોને બી.સી.જી., ૩૫ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૩૫ બાળકોને પોલીયોની રસી, ૧૧ બાળકોને આઇ.પી.વી., ૧૯ બાળકોને ઓરી, ૧૦ બાળકોને ડી.પી.ટી.ની રસી અને ૫૯ બાળકોને વીટામીન–એની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u> આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૧૦/૦૯/૧૬ ઉન શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**




તા.૦૩/૦૯/૨૦૧૬ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડા ફાર્મ રોડ, પોલીસ સ્ટેશન ચોકી પાસે, પુણા, સુરત સુરત. ખાતે દિપ પ્રાગટ્ય કરી આરોગ્યનિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરતા આ પ્રસંગમાં ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.એચ.એસ.દેસાઈ, એડવાઈઝર ડો.એચ.ડી.દુધવાલા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી(વરાછા ઝોન) ડો.ડી.એસ.પટેલ, ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી(પૂણા ઝોન) ડો.પ્રકાશ પટેલ આસી.જંતુનાશક અધિકારીશ્રી જયેશ પરમાર દશ્યમાન છે.

૧૦૭૬

# –: પ્રેસ નોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

**ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૩/૦૯/૨૦૧૬ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડા ફાર્મ રોડ, પોલીસ સ્ટેશન ચોકી પાસે, પુણા, સુરત .ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.**

**આ પ્રસંગમાં ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.એચ.એસ.દેસાઈ, એડવાઈઝર ડો.એચ.ડી.દુધવાલા, નાયબ આરોગ્ય અધિકારી(વરાછા ઝોન) ડો.ડી.એસ.પટેલ, ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી(પુણા ઝોન) ડો.પ્રકાશ પટેલ આસી.જંતુનાશક અધિકારીશ્રી જયેશ પરમાર, મ્યુ. શ્રી વિજયભાઈ પાનસેરીયા,સોનલ દેસાઈ, શ્રી નીલેશભાઈ કુભાણી તથા સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તેમજ પૂણા શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.**

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં પુણા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૬૧૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૧૭૪, સર્જન દ્વારા ૧૩, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૪૬, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૧૮, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૬૫, આંખના નિષ્ણાંત દ્વારા ૯૩, મેડીકલ ઓફીસર દ્વારા ૧૦૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૪૫ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૮૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૬૫ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.જુદા–જુદા રોગ અંગેની ૫૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૫૦, ઓરલ પીલ્સ ૧૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૨૫૦૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૯ બાળકોને બી.સી.જી., ૩૫ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૩૫ બાળકોને પોલીયોની રસી, ૧૧ બાળકોને આઇ.પી.વી., ૧૯ બાળકોને ઓરી, ૧૦ બાળકોને ડી.પી.ટી.ની રસી અને ૫૯ બાળકોને વીટામીન–એની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u> આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૧૦/૦૯/૧૬ ઉન શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે. ૫૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૮૦૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૮૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૭૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૬૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૪૮૨ કરદાતાઓ પાસેથી રૂા.૧૭,૩૨,૬૩૫/— નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૭૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૦૧ એન્ટ્રીમાં રૂા.૨,૨૦,૮૫૨/— અને આર.સી.ની ૭૭ એન્ટ્રીમાં રૂા.૩,૦૪,૫૪૦/— મળી કુલ રૂા.૫,૨૫,૩૯૨/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૦૦/— રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૪૦૦/— અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૯૦૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા ધ્વારા ૧૩ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવ્યા.

પાણી ખાતા દ્વારા ૦૬ સ્થળ ૫૨ લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૦૦/— ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "O" રોડ : સીંગણપોર ચાર રસ્તાથી અક્ષરદીપ સોસા. સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી—૧૧, બંધ લાર—૦૧ તથા અન્ય—૦૪ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : આંબાતલાવડી અંકુર વિદ્યાલય પાસે દબાણ હટાવી અન્ય—૦૨ જપ્ત કરવામાં આવેલ છે.

૧૦૭૮

# <u>સુરત મહાનગરપાલિકા દ્વારા રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ બાંધકામ સર્વે ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. શહેરની હાલની મચ્છરજન્ય રોગોની સ્થિતિને ધ્યાન લઈ મે.કમિશનરશ્રીનાં આદેશ મુજબ તેમ જ રાજયસરકાર દ્વારા જણાવવામાં આવેલ હાઉસ ટુ હાઉસ સર્વેની ઝુંબેશઅંતર્ગત આજે **<u>તા.૦૩/૦૯/૧૬</u>** ના રોજ શહેરનાં તમામ ઝોનમાં બાંધકામ માં સર્વેની ખાસ ઝુંબેશની સાથે "ડ્રાય ડે" ની કામગીરી કરવામાં આવેલ હતી. જે અંતર્ગત બાંધકામોમાં મચ્છરના બ્રિડીંગનો નાશ કરવો, વહીવટી ખર્ચ વસુલ કરવો, નોટીશ આપવી, મજૂરોને મચ્છરદાનીના વપરાશ અંગે સમજાવવાની પ્રવૃતિઓ કરવામાં આવી જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં હસનજી ટેકરાનો વિસ્તાર,કાદરશાની નાળ જેવા વિસ્તારો માંથી રૂા.૧૭૫૦૦ નો વહીવટી ખર્ચ, રાંદેર ઝોનમાં લાઈવઈન સ્ટાઈલ, એસ.ટી.ડેપો, જીલાની બ્રિજ,હિદાયતનગર,સરદારબ્રિજ,રિલાયન્સમોલ(બાંધકામ) વગેરે માંથી રૂા.૧૨૯૦૦૦ નો વહીવટી ખર્ચ, ઉધના ઝોનમાં ગાંધીકુટિર, કલ્યાણકુટિર, જમનાનગર,દિલદારનગર,ફૈઝલનગર કિષ્નાનગર,હરિઓમનગર વગેરે માંથી રૂા.૫૩૨૦૦ નો વહીવટી ખર્ચ, લિંબાયત ઝોનમાં સ્મશાન ભૂમીનું બાંધકામ, પંપીગ સ્ટેશનનું બાંધકામ ,અંબાનગર ,નારાયણનગરનું બાંધકામ, રૂસ્તમ પાર્ક,એચ.ટી.સી, ટેવેલીયન પ્લાઝા,પ્રાયોશા બાંધકામ, મધુરમ બાંધકામ,અંબિકા હેવન્ટ,સેફાયાર બાંધકામ, સેવન સ્ટાર,પ્રમુખઆરાણ્ય બાંધકામ,આકાર ૨.સીડેન્સી,સાંઈપૂજન રેસીડેન્સી,સ્કાય વ્યુ બાંધકામ,ધ વર્લ્ડ બાંધકામ, અનુપમ હાઈટસ,સ્ટાઈલોમ બાંધકામ વગેરે માંથી રૂા.૬૩૬૦૦ નો વહીવટી ખર્ચ, અઠવા ઝોનમાં અંબાજી મહોલ્લો,હળપતિવાસ,પીપલોદ,આભવા ગામ,અંબાનગર,સોમનાથ, ભીમરાડ, હળપતિવાસ, આહીર મહોલ્લો વગેરે માંથી રૂા.૪૭૭૦૦ નો વહીવટી ખર્ચ, કતારગામ ઝોનમાં મોટીવેડ ગામતળ, ગોસાઈનગર, બહુચરનગર, ઉત્કલનગર, શાંતીનગર,હળપતિવાસ,રામનગર,જગદીશનગર એચ–૫ આવાસ વગેરે માંથી રૂા.૫૫૩૦૦ નો વહીવટી ખર્ચ, વરાછા ઝોનમાં હરિધામ, રવિપાર્ક સો., રેણુકાભવન, ગરીબ આવાસ, રૂપાલી સો.,સંતલાલ સો., રણજીતનગર, રાવલીયું ફળિયું, પટેલ ફળિયું, પુજન રેસી., તિરૂપતી સો., નેતલ–ડે પાર્ક વગેરે માંથી રૂા.૭૦૫૦૦ નો વહીવટી ખર્ચ કામગીરી કરવામાં આવી.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 43538 | 92544 | 409 | 6228 | 1138 | 3336 | 137 | 436800 | 134 | 34612 | 16320 |

સમગ્ર શહેરમાં......

સર્વે કરેલ બાંધકામ– ૨૬૪

મચ્છરદાની આપવામાં આવેલ બાંધકામની સંખ્યા–૧૭૨

શૌચાલયની સુવિધા ધરાવતાં બાંધકામની સંખ્યા–૨૫૬

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

# **સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

૧૦૭૯

**—: પ્રેસનોટ :—**

**સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૩/૦૯/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ–૮૩, પ્લોટ નં.૪૫, દત કુટીર સોસા. ખાતે ૨૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ નં.૧૯, સાંઈ સિધ્ધી એપા. ખાતે ૫૦૦ ચો.ફુટમાં પતરા દુર કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૬ (બમરોલી), બ્લોક નં.૨૦૨, ફા.પ્લોટ નં. ૩૦/એ/બી, પ્લોટ નં.૨૧૦ ૨૧૫, ગણપતનગર ખાતે ડીમોલીશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ઘ્વારા  કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૦૩.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૨ લોકેશન (ખાડા) ૧૦૨૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૬૯.૬૮** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન(ખાડા) **૬૫૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૯** લોકેશન, **૧૯૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ–૮૩, પ્લોટ નં.૪૫, દત કુટીર સોસા. ખાતે ૨૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ નં.૧૯, સાંઈ સિધ્ધી એપા. ખાતે ૫૦૦ ચો.ફુટમાં પતરા દુર કરવામાં આવેલ તથા ટી.પી.૫૬ (બમરોલી), બ્લોક નં.૨૦૨, ફા.પ્લોટ નં.૩૦/એ/બી, પ્લોટ નં.૨૧૦ ૨૧૫, ગણપતનગર ખાતે ડીમોલીશનની કામગીરી પ્રગતિ હેઠળ છે ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૭,૭૫૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૬** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૬૮** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૯૪.૧૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૬૪** લાખ થયેલ છે., **૦૭ EC** તથા **૦૫ RC** નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૧૦૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૨૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૧.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૭૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૫૭૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૬૬૩** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૩૦** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૦૩૧** કરવામાં આવેલ છે. જયારે **૪૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૦૮૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૧/૦૯/૧૬ના રોજ શિક્ષકો દ્વારા શાળા/કોલેજમાં વિધાર્થીઓના સહયોગથી સ્વસ્છતા અભિયાનની સંયુકત સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૧/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ સ્કુલ, કોલેજમાં શિક્ષકો/વિધાર્થીઓ દ્વારા સ્કુલ, કોલેજની અંદર તેમજ મેદાનમાં સ્વસ્છતા અંગેનું ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશનું આયોજન હાથ ધરવામાં આવેલ હતું.

| શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | અંદાજીત કચરાનો નિકાલ મે.ટન | જંતુનાશક દવાનો છંટકાવ કિ.ગ્રા. |
|---|---|---|---|---|---|---|
| 45 | 82 | 170 | 24 | 96 | 3.163 | 319 |

વધુમાં સ્કુલ, કોલેજોમાં શિક્ષકો દ્વારા સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૦૮૨

# <u>સુરત મહાનગરપાલિકા દ્વારા રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ બાંધકામ સર્વે ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. શહેરની હાલની મચ્છરજન્ય રોગોની સ્થિતિને ધ્યાન લઈ મે.કમિશ્નરશ્રીનાં આદેશ મુજબ તેમ જ રાજયસરકાર દ્વારા જણાવવામાં આવેલ હાઉસ ટુ હાઉસ સર્વેની ઝુંબેશઅંતર્ગત આજે **<u>તા.૦૩/૦૯/૧૬</u>** ના રોજ શહેરનાં તમામ ઝોનમાં બાંધકામ માં સર્વેની ખાસ ઝુંબેશની સાથે "ડ્રાય ડે" ની કામગીરી કરવામાં આવેલ હતી. જે અંતર્ગત બાંધકામોમાં મચ્છરના બ્રિડીંગનો નાશ કરવો, વહીવટી ખર્ચ વસુલ કરવો, નોટીશ આપવી, મજૂરોને મચ્છરદાનીના વપરાશ અંગે સમજાવવાની પ્રવૃતિઓ કરવામાં આવી જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં હસનજી ટેકરાનો વિસ્તાર,કાદરશાની નાળ જેવા વિસ્તારો માંથી રૂા.૧૭૫૦૦ નો વહીવટી ખર્ચ, રાંદેર ઝોનમાં લાઈવઈન સ્ટાઈલ, એસ.ટી.ડેપો, જીલાની બ્રિજ,હિદાયતનગર,સરદારબ્રિજ,રિલાયન્સમોલ(બાંધકામ) વગેરે માંથી રૂા.૧૨૯૦૦૦ નો વહીવટી ખર્ચ, ઉધના ઝોનમાં ગાંધીકુટિર, કલ્યાણકુટિર, જમનાનગર,દિલદારનગર,ફૈઝલનગર કિષ્નાનગર,હરિઓમનગર વગેરે માંથી રૂા.૫૩૨૦૦ નો વહીવટી ખર્ચ, લિંબાયત ઝોનમાં સ્મશાન ભૂમીનું બાંધકામ, પંપીગ સ્ટેશનનું બાંધકામ ,અંબાનગર ,નારાયણનગરનું બાંધકામ, રૂસ્તમ પાર્ક,એચ.ટી.સી, ટેવેલીયન પ્લાજા,પ્રાયોશા બાંધકામ, મધુરમ બાંધકામ,અંબિકા હેવન્ટ,સેફાયાર બાંધકામ, સેવન સ્ટાર,પ્રમુખઆરાણ્ય બાંધકામ,આકાર ર.સીડેન્સી,સાંઈપૂજન રેસીડેન્સી,સ્કાય વ્યુ બાંધકામ,ધ વર્લ્ડ બાંધકામ, અનુપમ હાઈટસ,સ્ટાઈલોમ બાંધકામ વગેરે માંથી રૂા.૬૩૬૦૦ નો વહીવટી ખર્ચ, અઠવા ઝોનમાં અંબાજી મહોલ્લો,હળપતિવાસ,પીપલોદ,આભવા ગામ,અંબાનગર,સોમનાથ, ભીમરાડ, હળપતિવાસ, આહીર મહોલ્લો વગેરે માંથી રૂા.૪૭૭૦૦ નો વહીવટી ખર્ચ, કતારગામ ઝોનમાં મોટીવેડ ગામતળ, ગોસાઈનગર, બહુચરનગર, ઉત્કલનગર, શાંતીનગર,હળપતિવાસ,રામનગર,જગદીશનગર એચ–૫ આવાસ વગેરે માંથી રૂા.૫૫૩૦૦ નો વહીવટી ખર્ચ, વરાછા ઝોનમાં હરિધામ, રવિપાર્ક સો., રેણુકાભવન, ગરીબ આવાસ, રૂપાલી સો.,સંતલાલ સો., રણજીતનગર, રાવલીયું ફળિયું, પટેલ ફળિયું, પુજન રેસી., તિરૂપતી સો., નેતલ–ડે પાર્ક વગેરે માંથી રૂા.૭૦૫૦૦ નો વહીવટી ખર્ચ કામગીરી કરવામાં આવી.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 43538 | 92544 | 409 | 6228 | 1138 | 3336 | 137 | 436800 | 134 | 34612 | 16320 |

સમગ્ર શહેરમાં......

સર્વે કરેલ બાંધકામ– ૨૬૪

મચ્છરદાની આપવામાં આવેલ બાંધકામની સંખ્યા–૧૭૨

શૌચાલયની સુવિધા ધરાવતાં બાંધકામની સંખ્યા–૨૫૬

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

૧૦૮૩

# સુરત મહાનગરપાલિકા

**સમાચાર યાદી**

**તમામ મહાનગરપાલિકા અને નગર પાલિકાઓમાં એક સરખા સમાન વિકાસ પરવાનગી પ્રક્રિયાના નિયમો લાગુ કરવાનો રાજય સરકાશ્રીના મહત્વના નિર્ણયને સુરત મહાનગરપાલિકાના શાસકોએ આવકારી અભિનંદન પાઠવ્યા.**

---

ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઇ પટેલ ધ્વારા અનેક વિવિધ પ્રજાલક્ષી નિર્ણયો લઇ પ્રજાની સુખાકારીમાં વધારો કરી રહયા છે જે આવકારદાયક બાબત લેખી શકાય.

રાજય સરકારે રાજયની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં એક સમાન વિકાસ પરવાનગી પ્રક્રિયાના નિયમો લાગુ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેને આવકારતા સુરત મહાનગરપાલિકાના મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરભાઇ ચેવલી , સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રાજેશ દેસાઇ તથા શાસકપક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મિશ્રાએ વધુમાં જણાવ્યુ હતું કે, આ મહત્વના પ્રજાભિમુખ નિર્ણયને કારણે સમાજ પરફોમેન્સ રેગ્યુલેશન ધ્વારા વહીવટ અને વિકાસ કામગીરીમાં એકસુત્રતા આવશે.

૧૨૫ ચો.મી.સુધીના વ્યકિતગત મકાન બાંધકામ માટે હવે શહેરના પ્રજાજનોને હાળમારી માંથી મુકત થઇ જે પ્રકારે મહાનગરપાલિકા પાસેથી બાંધકામની મંજુરી લેવામાંથી મુકિત આપવાનો નિર્ણય સરહાનીય છે.

નાગરિકોને ત્વરીત ઝડપી સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા ઉમદા ખ્યાલને ધ્યાનમાં રાખી રાજય સરકારશ્રીએ સ્થાનિક સ્વરાજયની તમામ શહેરી સંસ્થાઓના સમાન પર્ફોમન્સ રેગ્યુલેશન લાગુ કરવામાં આવ્યા છે. જેના કારણે પર્યાવરણને લગતા, વોટર હાર્વેસ્ટીંગ, ગ્રેવોટર રીસાઇકર્લીગ, અગ્નિશમન, કાચનો વપરાશ, લીફ્ટ,ઘન કચરાનું વ્યવસ્થાપન વગેરે જોગવાઇઓ સમાન કરી એકસુત્રતા લાવવામાં આવી છે. જે પણ આવકાર દાયક અને અભિનંદનને પાત્ર છે.

રાજય સરકારશ્રીના આ મહત્વપૂર્ણ નિર્ણયથી નાનું રહેણાકનું બાંધકામ કરનાર સુરત મહાનગરપાલિકા વિસ્તારના અસંખ્ય નાગરિકોને પોતાનું ઘર બાંધવાની મંજુરીની પ્રક્રિયામાંથી મુકિત આપી નાગરિકોને 'ઘરનું ઘર'ના સ્વપ્નને સાકાર કરવાનો માર્ગ સરળ કરી આપ્યો. આ માનવતાવદી કાર્યોને પણ સુરત મહાનગરપાલિકાના શાસકોએ બિરદાવ્યો છે.

૧૦૮૪

# :: પ્રેસનોટ ::

સુરત શહેરમાં રાજય સરકારશ્રી તરફથી ફાળવેલ ૧૧૨ કીટ મારફત હાલમાં ૨૧ કાયમી આધાર નોંધણી કેન્દ્ર ખાતે તેમજ શાળા, કોલેજો, સંસ્થાઓ, સોસાયટીઓ, ઈન્ડસ્ટ્રીઝ વિગેરે સ્થળોના વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓ / કામદારોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી મોબીલાઈઝર (AM) દ્વારા કેમ્પ બેઈઝથી ૯૧ કીટ મારફત આધાર નોંધણીની કામીગીરી ચાલે છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં હાલમાં ૮૪% થી વધુ રહીશોના આધાર કાર્ડ જનરેટ થયેલ છે. ભારત સરકારશ્રીના સુશાસન અને પારદર્શક વહીવટના ભાગરૂપે આયોજન વિભાગના આદેશો મુજબ તમામ રહીશોને આધારકાર્ડ મારફતે પોતાની આગવી ઓળખનો દસ્તાવેજ હોવો જરૂરી છે. અને સદર આયોજન અંગેની નીતિના ભાગરૂપે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મેળવવા, બેંકમાં ખાતુ ખોલાવવા, એલ.પી.જી.કનેકશન તથા સબસીડી મેળવવા, મોબાઈલ કનેકશન મેળવવા, પાસપોર્ટ મેળવવા વિવિધ સરકારી યોજનાઓનું અનુદાન સીધુ બેંક ખાતામાં મેળવવા વિગેરે માટે આધારકાર્ડ ખુબ જ આવશ્યક છે.

વધુમાં, સરકારશ્રી દ્વારા નજીકના ભવિષ્યમાં આધાર નોંધણીને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવનાર હોય તે ધ્યાને લઈ બાકી રહેલ રહીશોની આધાર નોંધણી તા.૩૦/૦૯/૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવા ઝૂંબેશ સ્વરૂપે સોસાયટીઓ/ શાળા / કોલેજો/ ઔદ્યોગિક સંસ્થાઓ/ વાણિજયક સંસ્થાઓ વિગેરે સ્થળોએ કેમ્પબેઈઝ આધાર નોંધણીની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આધાર નોંધણીથી વંચિત રહેલ રહીશોએ તેઓની રહેઠાણની નજીકના આધાર કેન્દ્ર ખાતે આધાર નોંધણી ઉપરોકત સમયમાં કરાવી લેવો હીતાવહ છે.

વધુમાં, કોઈપણ રહીશને તેઓનો આધારકાર્ડ મળેલ ન હોય તો તેના સ્ટેટ્સની જાણકારી માટે મહાનગરપાલિકા દ્વારા ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૧૨૦ ૩૯૯૨ ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## ખેલ મહાકુંભ–૨૦૧૬

સુરત મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત જીલ્લા વહીવટીતંત્ર સુરતના સંયુકત ઉપક્રમે ગતિશીલ ગુજરાતમાં, ખેલનું વાતાવરણ સર્જતો ખેલ પ્રતિભા શોધનો મહા રમતોત્સવ ''ખેલમહાકુંભ–૨૦૧૬''નું આયોજન ચાલુ વર્ષે તા.૩૦/૦૯/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે. ''ખેલમહાકુંભ–૨૦૧૬''માં શાળા / ઝોન કક્ષા / મહાનગરપાલિકા કક્ષા અને છેલ્લે રાજય કક્ષાની સ્પર્ધા માટેનું આયોજન થનાર છે. તા.૦૩/૦૯/૨૦૧૬ના રોજ ખેલમહાકુંભના આયોજન સંદર્ભે આસી.મ્યુ.કમિશનરશ્રી, કમલેશ નાયક તથા જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી,યુ.એન. રાઠોડની ઉપસ્થિતિમાં ગાંધી સ્મૃતિભવન ખાતે ખેલ મહાકુંભના ઝોન કન્વીનરો અને સહ કન્વીનરો સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ખેલાડીઓના રજીસ્ટ્રેશન અંગેની જાણ લઈ રજીસ્ટ્રેશન વધુમાં વધુ થાય તે મુજબના પ્રયત્નો કરવા, રજીસ્ટ્રેશન બાદ વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તેવા પ્રયત્નો કરવા સૂચન કરવામાં આવ્યું હતું. રાજય સરકારની નવી ખેલકૂદ નીતિની જાણ ખેલમહાકુંભના માધ્યમથી શહેરની વિવિધ શાળાઓ, કોલેજ તથા વધુમાં વધુ શહેરીજનો જાણ કરી વધુમાં વધુ ખેલાડીઓ વધુમાં વધુ રજીસ્ટ્રેશન થાય તેવા પ્રયત્નો કરવા તથા ગુજરાત રાજયમાં મેડલ ટેલિમાં સુરત પ્રથમ નંબરે રહે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. ''ખેલમહાકુંભ''ની મીટીંગમાં મેનેજરશ્રી એસ.આર.ખાન, જીલ્લા રમત ગમત અધિકારીશ્રી દિનેશ કદમ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનિયર કોચશ્રી ભાલાવાળા, વ્યાયામ સંઘોના પ્રતિનિધિશ્રીઓ, શાળાના આચાર્યો, વ્યાયામ શિક્ષકો હાજર રહ્યા હતા. આ ખેલમહાકુંભ–૨૦૧૬માં સમાવિષ્ટ વિવિધ રમતોમાં ભાગ લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી **તા.૧૫/૦૯/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન www.khelmahakumbh.org પર કરાવવાનું રહેશે. khelmahakumbh-2016 એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપ્લીકેશનથી પણ ઓન લાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે.** શહેરની શાળાઓ, કોલેજો વિગેરેના વિદ્યાર્થીઓ તથા ઓપન કેટેગરીમાં નગરજનોએ મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવી રમતોમાં ભાગ લેવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.